# સાત વિચારયાત્રા

કાકા કાલેલકરની વિચારયાત્રા • ઉમાશંકર જોશીની વિચારયાત્રા • મનુભાઈ પંચોળીની વિચારયાત્રા • વિમલા ઠકારની વિચારયાત્રા •

ફાધર વાલેસની વિચારયાત્રા • વિનોબા ભાવેની વિચારયાત્રા

ગુણવંત શાહની વિચારયાત્રા

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ પ્રકાશન

# સાત વિચારયાત્રા

સંપાદક

**મહેન્દ્ર મેઘાણી**

**લોકમિલાપ પ્રકાશન**

Permission

Ekatra Foundation thanks Lokmilap for giving permission to distribute 'Sat Vachanyatra' as ebook at no charge. Users are allowed to share the ebook as long as they credit the Lokmilap. Users are not permitted to modify content or use it commercially. Readers can purchase original works in paper form from Lokmilap. Ekatra Foundation (http://www.ekatrafoundation.org) is a USA registered not for profit organization with objective to preserve and spread Gujarati literature.

આવૃત્તિ 1 : 2013
નકલ : 7,000

₹ 10

**પ્રકાશક :**
ગોપાલ મેઘાણી
**લોકમિલાપ**
પોસ્ટ બોક્સ 23 (સરદારનગર), ભાવનગર 364001
e-mail : lokmilap@gmail.com
ફોન : (0278) 2566-402

અક્ષરાંકન : **કમલ થોભાણી.** ફોન : 98242 12830

મુદ્રણ : **પ્રતિભા ઓફસેટ પ્રિન્ટર્સ,** ભાવનગર. ફોન : 94262-07609

## પ્રકાશકની નોંધ

મહારાષ્ટ્રની સાહિત્ય અકાદમી તરફથી શ્રી ધીરુભાઈ ઠાકરનું નર્મદ પારિતોષિકથી સન્માન 2011માં કરવામાં આવ્યું હતું. તેની રૂ. 51,000ની બધી રકમ તેમણે લોકમિલાપને એવી સૂચના સાથે આપી કે તેમાંથી પ્રજાનો વાચનરસ વધે એવું કોઈ પ્રકાશન કરીને તેનું વિનામૂલ્યે વિતરણ કરવું. અત્યંત આભાર સાથે આ રકમ સ્વીકારીને તેમાંથી લોકમિલાપે આ પુસ્તિકાની 7,000 નકલ છાપી છે. કોઈ પણ હાઈસ્કૂલ, કૉલેજ, પુસ્તકાલય તથા બીજી સામાજિક સંસ્થા મગાવશે તેને લોકમિલાપ તરફથી આ પુસ્તિકાની દસ-દસ નકલ ભેટ મોકલવામાં આવશે. આ યોજના 7,000 નકલ પૂરતી મર્યાદિત છે.

# ક્રમ

નિવેદન ........ [4]
કાકા કાલેલકરની વિચારયાત્રા ........ 1
ઉમાશંકર જોશીની વિચારયાત્રા ........ 8
મનુભાઈ પંચોળીની વિચારયાત્રા ........ 15
ગિજુભાઈ બધેકાની વિચારયાત્રા ........ 23
ફાધર વાલેસની વિચારયાત્રા ........ 28
વિનોબા ભાવેની વિચારયાત્રા ........ 32
ગુણવંત શાહની વિચારયાત્રા ........ 39

# નિવેદન

આજે ભારતની અરધોઅરધ વસતીની ઉંમર 25 વર્ષની નીચે છે. હવે પછીની ચૂંટણીમાં કરોડો યુવક-યુવતીઓ પહેલી વાર મતદાન કરી શકશે. તેમાંથી કેટલાક રાજકારણમાં પણ પ્રવેશ કરશે, સરકારમાં હોદ્દા ધરાવશે, વેપાર-ઉદ્યોગમાં જવાબદારીઓ સંભાળશે, શિક્ષણ-સાહિત્યના ક્ષેત્રે ફાળો આપશે.

રાષ્ટ્રના આ નૂતન નાગરિકોના મોટા ભાગને પૂરતી કેળવણી લેવાનો અવકાશ નહીં મળ્યો હોય. પોતાની વયને કારણે જે અધિકારો એમને સાંપડશે તેનો દેશહિતમાં ઉપયોગ કરવા માટે તેમણે પોતાનું જાત-શિક્ષણ સતત કરતા રહેવું પડશે. તેમાં સહાયરૂપ થાય તેવા વિચારોનો ખોરાક તેમને પૂરો પાડવાનું કામ ખૂબ અગત્યનું છે. દેશમાં આજે અન્નના કરતાં પણ વધુ વિકરાળ દુકાળ વિચારોનો જણાય છે. આ વિચારશૂન્યતા જો દૂર ન થાય તો કરોડો નવા મતદારો આવશે તો પણ એ-નાં એ નબળાં તત્ત્વો સરકારમાં આવશે. એટલું જ નહીં, વહીવટીતંત્ર, ઉદ્યોગ, વેપાર, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં પણ એમની જ આણ ફેલાશે.

સદ્‌ભાગ્યે આ નૂતન નાગરિકોને સમજાય, રસ પડે અને પ્રેરણા આપે એવું સાહિત્ય આપણી પાસે છે. તેમાંથી કાળજીપૂર્વક પસંદગી કરીને નાની નાની, અલ્પ કિંમતવાળી હજારો-લાખો પુસ્તિકાઓનો ફેલાવો યુવાન પેઢીમાં કરવાનો છે. તે દિશામાં એક નમૂનારૂપે આ પુસ્તિકા તૈયાર કરી છે.

**મહેન્દ્ર મેઘાણી**

# સાત વિચારયાત્રા

# કાકા કાલેલકરની વિચારયાત્રા

અધ્યાપક માટે તેના વિદ્યાર્થીઓ એ જ તેની ઉપાસનાની મૂર્તિ છે. એમની સેવા એ તેની પૂજા છે, એમનો વિકાસ એ તેનો પ્રસાદ છે. એમનું અધઃપતન એ તેનું નરક છે. દુર્બળ લોકોને મોળા પડતા રોકે ને શૂર ચઢાવે, તે અધ્યાપક. ઢોર જેવા પ્રાણીને શિક્ષક દેવ જેવા માણસ બનાવી શકે છે. વિદ્યાર્થીઓને વિદ્યાનંદ ને સેવાનંદનો સ્વાદ ચખાડવો, અને આદર્શ પાછળ ગાંડા થવામાં જ જીવનની સફળતા છે તે સમજાવી દેવું, એ શિક્ષકનો આનંદ છે. અજ્ઞાન સામે, અન્યાય સામે, અનાચાર સામે ધીમું પણ પ્રખર યુદ્ધ ચલાવવું, એ કેળવણીકારનો સ્વધર્મ છે. હૃદયપલટો કરાવવો અને તેને માટે અખૂટ ધીરજ રાખવી, એ એક જ શસ્ત્ર કેળવણીકારો પાસે છે.

અધ્યાપકનો ધંધો સ્વીકાર્યા પછી મને એક લાભ એ થયો કે હું નિર્દોષ વિદ્યાર્થીઓના સંપર્કમાં આવ્યો. વિદ્યાર્થીઓ માને કે, કાકાને મળવાથી એમનાં જ્ઞાન અને અનુભવનો લાભ આપણને મળે. પણ મને પોતાને વિદ્યાર્થીઓના સહવાસથી ખૂબ મળ્યું છે. કદાચ ગાંધીજીના સહવાસથી પણ એટલું બધું નહીં મળ્યું હોય. વિદ્યાર્થીઓ પાસેથી હું નમ્રતા શીખ્યો. પણ સૌથી મોટ લાભ તો મને એ થયો કે તેમના સહવાસને લીધે હું પવિત્રતા જાળવતાં શીખ્યો. મારું મન ઘણી વાર પડવા ઇચ્છે તો પણ, વિદ્યાર્થીઓને લાયક બનવાના વિચારથી પડતો બચી જાઉં.

*

યજ્ઞને નામે આજે કોઈ ઘી બાળે, તો તે ખોટું જ છે. પ્રાચીન કાળમાં ઘી બાળતા, તે પણ ખોટું હતું જ; એ દોષ તરફ ત્યારે લોકોનું ધ્યાન ગયું નહોતું. જૂના કાળમાં જે સ્ત્રીઓ સતી થઈ તેમની પતિનિષ્ઠા, આત્મબલિદાન ઇત્યાદિ ગુણોનો હું પૂજારી છું. છતાં તેમનું એ કૃત્ય મૂર્ખાઈભરેલું હતું એમ કહેતાં મને સંકોચ થતો નથી. શિવાજી મહારાજ પ્રત્યે મારા મનમાં આદર, ભક્તિ છે એટલા માટે એમની પેઠે ચાર ચાર પત્ની સાથે વિવાહ કરીને માણસ રહે, એમ શું મારે પ્રચાર કરવો? એમના જમાનામાં એ ખોટું મનાતું ન હતું, એમ કહીને હું ખામોશ રહીશ. સીતામાતા શ્રીરામચંદ્રને હરણનું માંસ પકાવીને ખવડાવતાં, એમ વાલ્મીકિએ કહ્યું છે. શ્રીરામચંદ્રે હરણનું માંસ ખાધું એમાં જ એમનું અવતાર-રહસ્ય છે, એમ કહેવા હું ન બેસું.

પ્રાચીન કાળમાં ધાર્મિક મનાતી વિધિઓનું રહસ્ય સમજી લઈએ, પણ તેમાં રહેલા દોષો તરફ આંધળા ન થઈએ. પૂર્વજો સર્વજ્ઞ હતા, એમનો જીવનક્રમ સદંતર નિર્દોષ હતો અને એમાં ફેરફાર કરવામાં માણસજાતે ભૂલ જ કરી છે, એ ભૂમિકા શુદ્ધ નથી.

*

અસ્પૃશ્યતા અન્યાયમૂલક છે, તેમાં અધર્મ છે, એ વાત લોકોને ઠીક ઠીક ગળે ઊતરવા લાગી છે. તો પણ એમ કહેનારા ઘણા મળે છે કે હજારો વર્ષથી ચાલતી આવેલી ધર્મને નામે ચાલતી રૂઢિ એકદમ નહીં તૂટી શકે, જરા ધીરેથી કામ લેવાવું જોઈએ.

ધીરેથી કામ લેવાનું આ તત્ત્વજ્ઞાન બહુ ભયંકર છે. અમેરિકન સ્વાતંત્ર્યવીર વિલિયમ લોઈડ ગેરીસને જ્યારે કમર કસીને ગુલામીનો વિરોધ કરવા માંડ્યો, ત્યારે વ્યવહારદક્ષ લોકો તેને કહેવા લાગ્યા કે, 'આમ જહાલ ન થશો, જરા ધીરેથી ચાલો. હળવે હળવે પગલાં માંડો.' તે વખતે ગેરીસને જવાબ વાળેલો કે –

'હળવે હળવે પગલાં કેમ માંડવાં તે હું સમજતો નથી. તમારા ઘરને આગ લાગી હોય ત્યારે કોઈ તમને કહે કે, બંબો જરા આસ્તેથી ચલાવો, પાણી થોડું થોડું છાંટો, તો તમે તેનું કેટલું સાંભળશો? તમારી માતા પર અત્યાચાર કરવા પ્રવૃત્ત થયેલા નરાધમનો પ્રતિકાર હળવેથી શી રીતે કરી શકશો?'

અન્યાયનું મૂળ તો એક ઝટકે ઉખેડવું જોઈએ. નિર્ભેળ અન્યાય, હડહડતું પાપ – એ બધાં સાથે છૂટછાટ શી મૂકવી? કાં તો અસ્પૃશ્યતાની જડ ઊખડી જવી જોઈએ, અથવા ઉઘાડી આંખે તે જોઈ રહેનાર આપણો સદંતર નાશ થવો જોઈએ.

*

મારા વિદ્યાર્થી મિત્રોને કહું છું કે, ધ્યાનમાં રાખજો કે તમે ગરીબોને માટે છો. દુનિયાનો બોજો ઉપાડનાર ગરીબો છે. સરકાર ચાલે છે તે કોને આધારે? ગરીબ ખેડૂતના આપેલા પાઈપૈસા પર સરકાર નભે છે. ગરીબોની દાઝ તમારા મનમાં રહે, એ મુખ્ય વસ્તુ છે. ગરીબોની દાઝ ભૂલીને આપણે નિષ્ઠુર બન્યા છીએ. ગરીબોનો બેલી આજે કોઈ નથી. એવી દશામાં વિદ્યાર્થીઓ આગળ હું કઈ 'કેરિયર' મૂકું? જેમને ગરીબોની દાઝ છે, એવાઓને માટે એક જ કેરિયર છે – ગરીબ થઈને આપણે ગરીબોની સેવા કરીએ. પેલા બિચારા લાચારીથી ગરીબ થાય છે, આપણે સ્વેચ્છાપૂર્વક ગરીબાઈ સ્વીકારીએ. આપણે ગરીબાઈનાં કષ્ટો વેઠીને ગરીબોની દાઝ પ્રદર્શિત કરીએ. એ નવી કેરિયર વિદ્યાર્થીઓ આગળ રહે, તો આ દેશનો ઉધ્ધાર થવાનો છે.

વિદ્યાર્થીઓને કહું છું કે કોઈ જબરો ઊઠીને જ્યારે ગરીબને કનડે ત્યારે ગરીબનું ઉપરાણું લેવા જાઓ. ગરીબોમાં, આ દીનદુખિયાંનો બેલી છે એવી નામના મેળવો. ગરીબોની સેવા કરો... ગરીબોની સેવા કરો. એ વિના બીજું કશું મારે કહેવાનું નથી.

*

1915માં ગાંધીજી આફ્રિકાથી હિંદુસ્તાનમાં આવ્યા અને હું એમને મળ્યો. એમની સાથે ઘણી ચર્ચા કરી. એમાં મેં કહ્યું : 'આપની તેજસ્વિતા અને કાર્યકુશળતાથી

હું પ્રભાવિત થયો છું. પણ અહિંસા દ્વારા ભારતને સ્વરાજ્ય મળી શકશે, એ વિશે વિશ્વાસ બેસતો નથી. દેશને ગુલામીમાંથી મુક્ત કરવા માટે શસ્ત્રયુદ્ધ પણ કરવું પડશે, એમ હું માનું છું.'

ગાંધીજીએ એટલું જ કહ્યું, 'તમે મારી પાસે આવો. હું આશ્રમ ખોલવાનો છું. એમાં રહો. મારી કાર્યપદ્ધતિ સમજી લો. વિશ્વાસ જામે તો રહો, નહીં તો મને છોડીને ચાલ્યા જાવ.'

છેલ્લે મેં દલીલ કરી, 'અહિંસા પ્રત્યે મારા મનમાં આદર છે, પણ મેં એ સ્વીકારી નથી. એવા માણસને આશ્રમમાં લઈ શકશો ખરા?'

એમણે હસીને કહ્યું, 'આજે દુનિયામાં તમારી બહુમતી છે. હું અલ્પમતીમાં છું. તમારા જેવાનો ત્યાગ કરું, તો મને સેવક ક્યાંથી મળવાના? અહિંસાની શક્તિ વિશે તમારામાં વિશ્વાસ પેદા કરવો, એ મારું કામ છે.' એ જવાબથી હું માત થયો.

*

શાકાહાર-માંસાહારના સવાલ પર ચર્ચા કરતી વખતે હું કહેતો હોઉં છું કે જે માંસ નથી ખાતાં તેમણે ન જ ખાવું. પણ જે ખાય છે એમને હીન ન માનવાં. દુનિયામાં અધિકાંશ લોકો માંસાહારી છે; એમાં મોટા મોટા ધર્માત્માઓ પણ છે. માંસાહારી લોકોને હીન માનવા એ અધિકાંશ માનવજાતિને બહિષ્કૃત કરવા જેવું છે. માંસાહારી લોકોનો બહિષ્કાર કરીને એમનામાં શાકાહારનો પ્રચાર શી રીતે કરી શકાશે? શાકાહારી અને માંસાહારી લોકોનું સહજીવન આપણે બુદ્ધિપૂર્વક શરૂ કરવું જોઈએ.

હું પૂર્ણશાકાહારી છું. મને માંસ, માછલી, ઈંડા, કશું ખપતું નથી. પણ જમવા માટે મને બે આમંત્રણ મળે – એક માંસાહારી કુટુંબનું અને બીજું શાકાહારી કુટુંબનું; અને માંસાહારી કુટુંબના લોકો મારી સાથે બેસીને પોતે માંસ ખાય પણ મને શુદ્ધ શાકાહારી ભોજન આપવાનું કબૂલ કરે, તો હું આગ્રહપૂર્વક એમનું જ આમંત્રણ સ્વીકારીશ. એટલી ઉદારતા રાખ્યા વગર સહજીવન શી રીતે શક્ય બને?

*

દેશ આગળ સત્ય, નીતિ, સદાચાર બધું ડૂલ છે – એમ કહેનાર લોકો એ નથી સમજતા કે તેઓ દેશનું કેટલું ભારે અપમાન કરે છે. વૃદ્ધ માતાને જિવાડવા ખાતર કોઈ દીકરી અનાચારથી કમાણી કરે, તો એ માતાને તે રીતે જીવવું પસંદ પડે ખરું? દેશ એટલે દેશનું ચારિત્ર્ય, દેશનો કલ્યાણકારી પુરુષાર્થ. સ્વાર્થ ખાતર જે લોકો દેશને પારકા હાથમાં વેચી નાખે છે, અને જેઓ દેશને નામે ચારિત્ર્યનો દ્રોહ કરે છે, તે બંને દેશના દ્રોહી જ છે – એ વસ્તુ પોતાની ઉજ્જ્વળ દેશસેવાથી

જેમણે સ્પષ્ટ કરી છે તે દેશભક્તોના માર્ગમાંના કેટલાક કાંટા કાઢી નાખવાનું કામ રવીન્દ્રનાથે 'ઘરે-બાહિરે' નવલકથા દ્વારા કર્યું છે. બંગભંગ પછી ઉત્તેજિત થયેલા રાષ્ટ્રના પુરુષાર્થના ધોધમાં ચારિત્ર્યની મહાન શિલા થઈને ઊભા રહી રવીન્દ્રનાથે એક મોટું વીરકર્મ કર્યું છે. સંભવ છે કે ઠાકુરની બધી કૃતિઓમાં આ ચડી જાય.

*

આપણા દેશમાં અસંખ્ય હિંદુઓએ જુદાં જુદાં કારણસર ધર્માંતર કર્યું છે. કેટલાક હિંદુઓને વિદેશી રાજ્યકર્તાઓએ જબરદસ્તીથી વટલાવ્યા. કેટલાકે વિધર્મી રાજ્યકર્તાઓની ખુશામત કરી લાભ મેળવવાની લાલચથી ધર્માંતર કર્યું. પણ હિંદુ ધર્મમાં નીચેની કોમો પ્રત્યે જે અન્યાય-અત્યાચાર થતા આવ્યા હતા, અને આજે પણ થાય છે, તેથી અકળાઈને ધર્માંતર કરનારાઓની સંખ્યા સહુથી વધારે છે.

મુસલમાનો અને ઈસાઈઓ ભલે કહેતા હોય કે, અમારો ધર્મ શ્રેષ્ઠ છે, બીજા ધર્મો ઊતરતા છે; એવી એમની વાત આપણે ન સ્વીકારીએ, એમનાં અજ્ઞાન અને અભિમાનની દયા ખાઈએ. તેઓ આપણા ધર્મની નિંદા કરે છે એટલા માટે ચિડાઈને આપણે એમના ધર્મની નિંદા કરીએ, તો આપણે એમના જેવા થયા. એ આપણને છાજે? આપણે તો પાળીએ પોતાનો જ ધર્મ. એમાં ખામીઓ હોય તો તે સુધારી દઈએ. બીજા ધર્મોમાં કાંઈ સારું જડતું હોય તો તે આત્મસાત્ કરીએ.

*

આશ્રમના શરૂઆતના દિવસોની વાત છે. ત્યાં સ્વામી સત્યદેવ આવ્યા. દેશની આઝાદી માટે બાપુ જે કાર્ય કરી રહ્યા હતા, તે જોઈ તેઓ બહુ પ્રસન્ન થયા. એક દિવસ બાપુ પાસે જઈ કહેવા લાગ્યા, 'હું આપના આશ્રમમાં દાખલ થવા માગું છું.'

બાપુ કહે, 'બહુ સારું. પણ આશ્રમમાં દાખલ થાઓ એટલે આપને આ ભગવાં કપડાં ઉતારવાં પડશે.'

સત્યદેવજીએ કહ્યું, 'એ તો કેમ બને? હું સંન્યાસી છું ને?'

બાપુએ કહ્યું, 'હું સંન્યાસ છોડવાનું નથી કહેતો. પણ આપણા દેશમાં ભગવાં કપડાં જોતાં જ લોકો તે ઓઢનારની સેવા કરવા મંડી પડે છે. હવે આપણું કામ સેવા લેવાનું નહીં, સેવા કરવાનું છે. આપણે કરવા માગીએ છીએ તેવી સેવા લોકો તમારાં આ ભગવાંને લીધે તમારી પાસેથી નહીં લે. ઉલટા તમારી સેવા કરવા દોડશે. ત્યારે, જે વસ્તુ સેવા કરવાના આપણા સંકલ્પની આડે આવે, તે કેમ રાખીએ? સંન્યાસ માનસિક વસ્તુ છે, બાહ્ય પોશાક સાથે તેને શો સંબંધ? ભગવાં છોડવાથી સંન્યાસ ઓછો જ છૂટે છે?'

*

બાપુજી જ્યારે દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા, ત્યારે એમને માથે ચોટલી હતી. હરદ્વારના કુંભમેળામાં એક સાધુએ તેઓને આગ્રહ કર્યો, ત્યારે બાપુજીએ ચોટલી રાખવાનું સ્વીકાર્યું. એની વાત મારી આગળ કરતાં કહ્યું :

'મારે હિંદુ સમાજમાં મોટા મોટા સુધારા કરવા છે, સુધારા માટે લડવું છે, અને તે પણ એક નિષ્ઠાવાન હિંદુ તરીકે. પ્રસંગ આવ્યે મારે આ સમાજ વિરુદ્ધ ઉપવાસ પણ કરવા પડે. તેથી મારે આ સમાજ સાથે શક્ય તેટલા એકરૂપ થવું છે. હું પોતાનો જ છું, એવું આ સમાજને લાગવું જોઈએ. તો જ હું એમાં કાંઈ ફેરફાર કરાવી શકીશ. ત્યારે જેટલી બાબતમાં એમના રિવાજો પળાય, તેટલામાં એમને રાજી રાખવા એ જ ઉત્તમ નીતિ છે. માથે ચોટલી રાખવા જેવી નજીવી વસ્તુમાં સુધારો કરી સમાજથી નોખા પડવામાં લાભ શો?'

*

આજે દેશમાં જ્યાં જુઓ ત્યાં અસંતોષ દેખાય છે અને સ્વરાજની હિલચાલ વખતના કેટલાક કુમારો આજે પૂછે છે : 'શું દેશની આવી સ્થિતિ માટે અમે સ્વરાજની લડત લડ્યા હતા?' એવા લોકો માટે અમારા બુઝુર્ગ લોકમાન્યની વાણી સંભળાવવા માગું છું.

[બ્રિટિશ સરકારના] સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઈન્ડિયા વેજવૂડ બેન ભારતમાં આવ્યા હતા. ભારતના નેતાઓને એમણે મળવા બોલાવ્યા હતા. નેતાઓ નવા બૂટ-સૂટ પહેરીને મળવા ગયા. દેશી પોશાકમાં બે જ જણા હતા : લોકમાન્ય ટિળક અને મહાત્મા ગાંધી. બેન મહાશયે લોકમાન્યને પૂછ્યું : 'તમે સ્વરાજ્ય માગો છો. પણ તમે માનો છો કે સ્વરાજ મળવાથી તમે સુખી થશો?'

ટિળકે જવાબ આપ્યો : 'ના, સુખી તો આજે છીએ. આજે અમને કશી ચિંતા નથી. ભારતનું રક્ષણ તમે કરો છો. રાજ્ય તમે ચલાવો છો. અમને એની હૈયાબળતરા નથી. પણ એવું સુખ અમને જોઈતું નથી. સ્વરાજ મળશે ત્યારે અમારા દુખનો પ્રારંભ થશે. પણ એમાં જ અમે રાચીશું. વિઘ્નો આવશે તેને પહોંચી વળતાં અમારું પૌરુષ કેળવાશે. અમે ભૂલો કરીશું તે સુધારતાં સુધારતાં જ અમે ઘડાઈશું. અમારે એ બધી હાડમારી જ જોઈએ છે.'

*

'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે...' મારાં પ્રિય ભજનોમાંનું એક છે. ભગવાન ભક્તોનાં દુખ હરે છે અને એમને ઉગારે છે, એવી શ્રદ્ધાથી આ ભજન લખાયું છે. આવાં ભજનોથી ભોળા લોકોને થાય છે કે ભગવાનની ભક્તિ

કરીશું, તો સૌ સંકટ દૂર થશે. પણ અનુભવ તો હંમેશ એવો થતો નથી.

મીરાંએ ઝેર પીધું પણ તેની અસર ન થઈ, માટે મીરાં ભક્ત; અને સોક્રેટિસે ઝેર પીધું ને એ મરી ગયા માટે એ ઓછા ધર્મનિષ્ટ, એમ કોઈ કહી શકે? હિરણ્યકશ્યપે અનેક પ્રયત્ન કર્યા છતાંયે પ્રહ્લાદ મર્યો નહીં, એ ભક્તિનો મહિમા; અને ઈશુ ખ્રિસ્ત ક્રૂસ ઉપર મરી ગયા, એ શું ભક્તિની વિફળતા?

દુ:ખમાંથી બચાવવા છેલ્લી ઘડીએ ભગવાન દોડી આવે જ છે, એ કેવળ લોકોને ભક્તિના માર્ગ તરફ ખેંચવા માટે મૂકેલું પ્રલોભન છે. હરિને ભજતાં કોઈની લાજ હજી નથી ગઈ – આનો સાચો અર્થ એટલો જ કે જે માણસ દઢતાથી ઈશ્વર ઉપર નિષ્ઠા રાખે છે, તે ગમે તેવાં કઠણ સંકટ આવે તોય ચારિત્ર્યભ્રષ્ટ થતો નથી. ભક્તિનું ફળ સત્ત્વરક્ષા અને આત્મનિષ્ઠા એ જ છે. બીજાં ફળો મળે કે ન મળે, એ કેવળ અકસ્માત છે.

*

પ્રથમ શરીરરક્ષા ખાતર, પાછળથી શારીરિક દોષો ઢાંકવા માટે અને હવે તો વિકારોને ઉત્તેજન આપવા માટે કપડાંનો વિકાસ થતો જાય છે. જૂના વખતમાં હું કેરળ ગયો ત્યારે સામાન્ય રિવાજ તરીકે મેં જોયું કે ત્યાંની સ્ત્રીઓ (ભરજુવાનીમાં ખીલતી યુવતીઓ પણ) પુરુષોની પેઠે ધોતિયું પહેરતી. કમરથી ઉપરનો આખો ભાગ તદ્દન ખુલ્લો. અને એવી સ્ત્રીઓ બજારમાં વસ્તુ ખરીદવા જાય, લોકો સાથે વાતો કરે. એમનામાં શરીરની અસ્મિતા જરાયે દેખાય નહીં. લોકોની આંખોમાં પણ વિકૃતિ જેવું કશું નહીં હોય. કોઈ યુવતી રૂપાળી હોય તો જરા ધ્યાનપૂર્વક જુએ. સૌંદર્ય સહેજસાજ માણે. પણ સામાન્ય વહેવારમાં ઉત્તેજના જેવું દેખાતું ન હતું.

તે દિવસે મને થયું કે જે આદર્શ ઉત્તમ સંસ્કારિતા તરીકે મનમાં હું સેવું છું તે આ લોકોને માટે બિલકુલ સ્વાભાવિક છે. સૌંદર્ય જોઈને રાજી થાય છે. કળાત્મક આનંદ માણે છે, પણ મન વિકારી થતું દેખાતું નથી.

*

શાસ્ત્રમાં અમુક વચન છે તેથી તે માનવું જ જોઈએ, એમ કહેનાર અંધ અનુયાયી છે. શંકરાચાર્યે કહ્યું અથવા ગાંધીએ કહ્યું એટલા જ માટે તે માની લેનાર પણ અંધ અનુયાયી છે. ‘અગ્નિ શીતળ છે એમ સો શ્રુતિઓ કહે તો પણ આપણે તે કેમ માનીએ?’ એમ શંકરાચાર્યે ચોખ્ખું કહેલું છે. ગાંધીજીનું પણ કહેવું એ જ છે કે, અમારા વિચારોના દાસ નહીં બનતા; અમે જે કહીએ છીએ તેનો પૂર્ણ વિચાર કરી જો તમારે ગળે ઉતરે તો જ તે સ્વીકારજો.

રૂઢિને નીતિની કસોટી લગાડવાની ના પાડવી, એનું નામ અંધશ્રદ્ધા. જે અત્યાર સુધી થયું નથી તે હવે પછી કોઈ દિવસ થવાનું નથી, એવી મનની જોડે ગાંઠ વાળી બેસવું, એ અંધશ્રદ્ધા. પોતાનાં છાપાંમાં યાકૂતીઓ અને અનંગવિલાસની જાહેરખબરો છપાતી હોય છતાં પોતે લખેલા સંયમ અને બ્રહ્મચર્યના લેખોની સમાજ પર અસર થશે, એમ માનવું એ અંધશ્રદ્ધા.

આવી આવી અંધશ્રદ્ધામાંથી ઊગરી જવું, એ દરેક માણસની સૌથી પહેલી ફરજ છે.

*

ભિન્ન ભિન્ન વખતે લખેલા લેખોનો સંગ્રહ છપાવતી વખતે એમાં કાટછાંટ કરીને પુનરુક્તિ ટાળવાનો મારો ધર્મ હતો. તેનું પાલન કરવા જેટલી નવરાશ મને નથી. આશા રાખી હતી કે કાટછાંટ કરીશ, ફકરાઓ એક વિશિષ્ટ ક્રમ પ્રમાણે ગોઠવીશ. મારાં લખાણોના સંગ્રહ નાનીનાની ચોપડીઓમાં પ્રકાશિત થવા જોઈતા હતા. પણ હવે જોઉં છું કે કામો વધે છે અને શારીરિક શક્તિ ઊલટી ઘટે છે. એટલે જૂનું સમારવાનું અને સુધારવાનું કામ હું કરી શકીશ, એની આશા ઓછી થતી જાય છે. આ લખાણોમાં કાંઈ ગ્રાહ્યાંશ હશે, તો એનું દોહન કરનાર કોઈક તો નીકળશે જ.

*

*જન્મે મરાઠીભાષી કાકા કાલેલકર ગુજરાતી ભાષામાં અમર રહેશે. એમનું કેટલુંક લખાણ ગુજરાતી ગદ્યના એક શિખર સમું દીપી રહેશે. એમનું ગદ્ય અનેક વાર કાવ્યની કોટિએ પહોંચે છે.*

*ગાંધીજીના અવતારકાર્યના એક સહયોગી, રાષ્ટ્રીય ઉત્થાનના કર્મઠ લડવૈયા, દેશના ખૂણેખૂણાના અનેક જીવનસાધકોના અને સંસ્થાઓના પ્રેરણામૂર્તિ, દેશવિદેશમાં અનેક કુટુંબો-સમાજોમાં ઉષ્મા અને પ્રકાશની લહાણ કરનાર વત્સલ ગુરુજન – કાકાસાહેબ કાલેલકરનાં આ વિવિધ પાસાં સમય જતાં સ્મૃતિશેષ થશે. રહેશે એમનો લેખનરાશિ અને એની દ્વારા પમરતું એમનું અનોખું માનવ-વ્યક્તિત્વ.*

ઉમાશંકર જોશી

*

*કાકાસાહેબ કાલેલકર શું શું છે, એ સવાલ નથી – કાકાસાહેબ શું નથી, એ સવાલ છે. એ ઉત્તમ સાહિત્યકાર છે, ઉત્તમ શિક્ષક છે, ઉત્તમ ક્રાંતિકારી છે. જીવનનાં આટલાં બધાં પાસાંમાં જે કાંઈ એ છે, ઉત્તમ છે, ઉત્તમ સિવાય બીજું કશું નથી.*

વિનોબા ભાવે

*

# ઉમાશંકર જોશીની વિચારયાત્રા

આપણી પ્રજા સંસ્કારસેવાનું મૂલ્ય સમજી શકતી ન હોય, તો એમાં સૌથી મોટો વાંક આપણે જે પોતાને સંસ્કારસેવકો માનીએ છીએ તેમનો – આખા શિક્ષકવર્ગનો છે. બીજું, આપણે આપણો ધર્મ કોઈની ઉપર ઉપકાર કરવા નહીં પણ જાણીબૂઝીને, પોતાની ગરજે, બીજી વાતમાં રસ (અથવા કહો કે આવડત) ન હોઈ સ્વીકાર્યો છે. અને ગુજરાત બેકદર છે, એવા શબ્દો તો આપણા મોઢામાં શોભે એમ નથી. ગુજરાતની જનતાએ હજી સુધી તો કોઈ સાચા સંસ્કારસેવકના કાર્યની કદર બૂઝી ન હોય, એવું દેખાયું નથી.

આપણી આજની સમાજરચનામાં ધન એક મોટું મૂલ્ય છે, ગુજરાતમાં તો એ જ એક મૂલ્ય છે એવું ક્યારેક લાગે. પણ એથી તો, જેઓ પાસે ધન કરતાં વધારે ઊંચાં સંસ્કારિતાનાં મૂલ્યો હોય એમણે એ મૂલ્યોને સાકાર કરવા વધુ મોટો પુરુષાર્થ કરવાનો રહે. ભણેલામાંથી જે સંપત્તિવાળો વર્ગ છે તેને વાંચવાની ફુરસદ સરખી નથી. આ વિશિષ્ટ પરિસ્થિતિ સમજી લઈને ગુજરાતમાં સંસ્કારસેવક બનવાનું પસંદ કરવું જોઈએ.

*

ઈડરની અંગ્રેજી શાળા પાંચમાથી નવમા સુધીનાં પાંચ ધોરણની હતી. શિક્ષક હતા ત્રણ. અમારા ગૃહપતિ વર્ગમાં, તેમ જ વર્ગ બહાર, ચોવીસે કલાક જાણે ભણાવે. રમતમાં બધા સાથે ભાગ લે. છાત્રાવાસનાં કામોમાં પલોટે. પ્રકૃતિને ખોળે વિદ્યાર્થીઓને વારંવાર ઊલટભેર લઈ જાય. ગુરુજનો સખત પરિશ્રમ કરતા ને કરાવતા. તેઓ થોડાક દૂર રાખે, પણ ઉષ્મા પણ આપે. ટપારે પણ ખરા. જિંદગીઓ સુધી વાગોળ્યા કરીએ એટલો બધો આનંદ આ શાળાનાં વરસોમાં જાણે કે મળ્યો હતો.

અમદાવાદમાં હાઈસ્કૂલમાં મેટ્રિકના વર્ગમાં હું દાખલ થયો. ઈડરના ગણેલા નવ નિશાળિયાઓના વર્ગનો હું પહેલો નંબર. એવા તો કેટકેટલા પહેલા નંબર અહીં આવ્યા હશે! સેંકડો છોકરાઓમાં સિંધુમાં બિંદુની જેમ હું વિલીન થયો. ત્યાં છ માસિક પરીક્ષા પછી વિદ્યાર્થી-સભામાં આચાર્યશ્રીએ કહ્યું કે દરેક વિષયમાં મારું પરિણામ આગળ પડતું હતું. ઈડરના ગુરુગણની મહેનતનું એ પરિણામ હતું. આવી ગુરુ-મંડળીઓ પછીનાં વરસોમાં ગુજરાતમાં ઠેકઠેકાણે મેં જોઈ છે – આજે આ ક્ષણે પણ છે.

*

એક ઉદયોન્મુખ કવિને મેં કહ્યું, ‘તમારી કવિતાના પ્રાસ તમે બરોબર મેળવ્યા નહીં હોય, તો દિલ્હીમાં આપણા રાષ્ટ્રમુખનું આસન ડોલવા માંડશે.’

કેટલીક વસ્તુઓ આપણે બીજાને કહેવાને બહાને આપણી જાતને ઉદ્દેશીને કહી બેસીએ છીએ. હું વિચારમાં પડી ગયો – શું આપણી નાની નાની ઊણપોનું પરિણામની દૃષ્ટિએ ખરેખર આટલું મહત્ત્વ હશે?

આપણા કામમાં કચાશ રહી જાય છે. અંતે એ બધી કચાશ સમાજના સધ્ધરપણા ઉપર અસર કર્યા વિના રહેતી નથી. આપણા કામમાં કચાશ રહે છે તેનું એક કારણ એ હોય છે કે આપણને આપણું સાચું કામ મળ્યું હોતું નથી. પોતાની વિશેષ શક્તિને યોગ્ય કામ શોધવું, એ કરતાં પણ વધુ મુશ્કેલ એને વળગી રહેવું એ છે. માણસને જો કવિતા લખતાં આવડતી હોય તો રાજકારણનું એને પ્રલોભન જાગે છે, રાજકારણનું ફાવતું હોય તો વેપારમાં ઝંપલાવવાની હોંશ થાય છે. એને એમ થતું નથી કે સારા રાજપુરુષ થવું એ સારા વેપારી થવા કરતાં ઓછી અગત્યનું નથી. સમાજને તો એ બધાની જ સેવાઓની ગરજ છે; માત્ર તે તે વ્યવસાયમાં શક્ય તેટલી શ્રેષ્ઠતા આપણે મેળવીએ તો સમાજનું કામ દીપી ઊઠે.

*

કાળની ચાળણી તો એવી છે કે એમાં હાથીના હાથી ચાલ્યા જાય. આજે જેની ઉપર ગ્રંથ લખાતા હોય તે કાલે એકાદ પ્રકરણને પાત્ર બને, પરમ દિવસે પાદટીપમાં પણ હડસેલાય. કવિતાના ‘ગ્રંથો’માંથી ચારચાર-પાંચપાંચ પણ સનાતન રસની ચીજો નીકળે તો ન્યાલ થઈ જઈએ. પણ આવી વાતો સાંભળવાની ફુરસદ નવી સર્જનશક્તિથી ઊભરાતા કળાકારને હોય કે? હું તો બોદલેરનું એક સુવચન સંભારી આપીને અળગો રહું : ‘કવિતામાં પ્રથમ કક્ષા કરતાં નીચેનું કશું ન ચાલે.’

કેટકેટલા કાવ્યસંગ્રહો, વાર્તાસંગ્રહો સુંદર શક્તિવાળા ઉદીયમાન કવિઓ ને વાર્તાકારોને હાથે સહેજ ઉતાવળમાં પ્રગટ થાય છે અને કાળના પ્રવાહમાં જાણે તણાઈ જાય છે. ત્રણચાર સંગ્રહોને એ રીતે તણાઈ જવા દેવા, એ સારું? કે એ બધામાંથી એક સબળ અર્પણ બની રહે એવું કંઈક આપવું, એ સારું? કાનમાં કહું? મારો ભૂતકાળ ભૂંસવાનું મારા હાથમાં હોય તો પદ્યનાં થોથાં ગાળી નાખીને એવું જ કાંઈક કરું! પણ બાણ છૂટી ગયું – હવે શું? એ કામ હવે કાળ ભગવાને કરવાનું.

*

ગાંધીજી કાર્યના માણસ હતા, શબ્દના નહીં. એક પલ્લામાં મણ પ્રવચન હોય અને બીજામાં અધોળ આચરણ, તો આચરણનું પલ્લું નમે, એ એમની શ્રદ્ધા. પણ

એમણે જોયું કે શબ્દ પણ મોટી શક્તિ છે, કર્મને પ્રેરનારી શક્તિ છે. એટલે એમણે શબ્દની શક્તિને પણ યોજી, ભરપૂર યોજી, સબળપણે, સફળપણે યોજી. ગાંધીજીનું જીવન એટલે કાર્યનો ઝંઝાવાત, લાખો-કરોડોને ઢંઢોળી જાગ્રત કરી પરદેશી શાસન સામે ખડા કરવાનો ઉપક્રમ, હિંદની સાવ નંખાઈ ગયેલી પ્રજાને પગભર કરી દુનિયાના મહાનમાં મહાન સામ્રાજ્ય સામે ભિડાવવાનો ભગીરથ પુરુષાર્થ. એના ભાગરૂપે ભાષણો, લેખો, પત્રો – આ બધું ચાલતું હોય. છ દસકા જેટલા સમયમાં થયેલાં એ તમામ લખાણો મોટા દળદાર 100 જેટલા ગ્રંથોમાં પ્રગટ થયાં છે. ચાલુ પ્રવાસો અને રાત-દહાડો એક કરતી પ્રવૃત્તિમાં ગાળનાર ભાગ્યે જ કોઈ લોકનેતા હશે, જેણે આટલો ગંજાવર શબ્દસમૂહ કામમાં લીધો હશે. આ વિપુલ શબ્દપુંજમાં એક એક શબ્દ ભરીબંદૂક છે. તે તે ક્ષણે તાકેલું નિશાન સર કરવાની પૂરી ગુંજાશ એ ધરાવે છે.

*

જવાહરલાલજી જેવો વ્યક્તિત્વનો વૈભવ જવલ્લે જ પ્રગટ થતો હોય છે. બુદ્ધિની તેજસ્વિતા અને હૃદયની અભિજાત સુકુમારતા એમનામાં ઝલમલ ઝલમલ થતી. અરધી સદી ઉપરાંત એમનો કર્મયોગ ચાલ્યો. ક્ષણેક્ષણનો એમણે હિસાબ આપ્યો છે. અનેકવિધ સેવાકાર્યો કરવામાંથી જ તેઓ જાણે તાજગી મેળવી લેતા. એમનામાં શક્તિનો અસ્ખલિત ઝરો વહેતો હતો. એ ચૈતન્યની ગંગોત્રી હતી એમની દેશબંધુઓ માટેની અનર્ગળ પ્રીતિ અને એ કોટિકોટિ દેશબંધુઓની એમને માટેની સરલ ઉદાર પ્રીતિ.

હિંદ નેહરુને અશોક અને અકબર, એ ઉદારદિલ રાજર્ષિઓ સાથે સંભારશે. શાંતિપુરુષ નેહરુ એ બુદ્ધ અને ગાંધીના ભારતની જગતને અનોખી બક્ષિસરૂપ હતા. એ મહામાનવના અવાજમાં જગતને મૈત્રી-કરુણાનાં મૂલ્યોનો ઉદ્‌ઘોશ સંભળાતો અને એના ઘા જાણે રુઝાતા. આખા જગતનું એક રાજ્ય સ્થપાય, એ સમય હવે ઘણો દૂર ન હોવો જોઈએ. જગતરાજ્યનો ઇતિહાસ લખાશે ત્યારે તેના પ્રથમ પ્રકરણમાં નેહરુનું નામસ્મરણ થશે.

*

તમે આગળ ઉપર હાઈકોર્ટો ધ્રુજાવો, ધારાસભા ગજવો કે મોટી મોટી મેદની ડોલાવો, પણ ત્યારે આટલું કદી ભૂલશો નહીં કે – તમે અહીં ભણો છો... ને તમારી ઉંમરના ગોઠિયાઓ ખેતરે માળા પર ચડી પંખીડાં ઉડાડે છે, શહેરનાં કારખાનાંમાં બેવડ વળી જાય છે, વીશીઓના અંગીઠા આગળ શેકાય છે, અથવા તો મુંબઈની ચોપાટી પર પગચંપી કરે છે. કોઈ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત, એ તમારે

ઠેકાણે હોત... તો?

આગળ ઉપર જ્યારે તમે મોટા તિસમારખાં બની જાઓ, ત્યારે પણ આટલું આ જરી ભૂલશો નહીં. અનેક લાલચો અને પ્રલોભનો હોય, પણ પેલા વાંદરાએ મગરને કહેલું તેમ કહેજો કે, મારું કાળજું તો, અરે, ત્યાં રહી ગયું – જ્યાં પેલાં કૂમળાં બાળકો ટોયાં બનીને પંખી ઉડાડે છે, કપરી મજૂરીમાં ઘસાઈ જાય છે!

*

પહેલાં કરતાં કવિતાને માટે પ્રચારનાં સાધનો ખૂબ વધ્યાં છે. પહેલાંના ઉત્તમ કવિઓની કવિતા પણ આટલી સહેલાઈથી બહોળા વર્ગ સુધી પહોંચી શકે તેમ હતું. તો શું ખરેખર કવિતા લોકોના જીવનમાં એક મહત્ત્વના અંશરૂપ બની છે?

મને તો એમ લાગે છે કે અત્યારના સમયમાં એક પ્રજા તરીકે આપણે ઓછામાં ઓછી કવિતાથી ચલાવીએ છીએ. આપણાં જૂનાં માણસોનું જીવન તપાસીશું તો દેખાશે કે તેમના જીવનમાં કવિતા ઠીક ઠીક મહત્ત્વનો ભાગ ભજવતી. પ્રેમાનંદનાં 'હૂંડી', 'મામેરું', 'સુદામાચરિત' જેવાં આખ્યાનો અનેક વાર એમણે માણ્યાં હોય. અનેક ગરબા, ભજનો, વ્રતકથાઓ, કહેવતો આપણાં અભણ ગણાતાં આ ભાંડુઓને કંઠે હોય. જ્યારે એમના પ્રમાણમાં, ભણેલા માણસો એક બાજુ જૂના શિશ્ટ સાહિત્યથી અને લોકસાહિત્યથી દૂર પડી ગયાં છે, તો બીજી બાજુ પોતાના જમાનાની સાચી કવિતા કરતાંય વધુ તો કવિતાનો લેબાસ ધારણ કરેલી કૃતિઓનો એમને જ્યાં ને ત્યાં ભેટો થતો હોય છે.

*

પ્રજાઓને મહાનરો જોઈએ છે. પ્રજાની વીરપૂજાની ભાવના જાગ્રત કરી તેની કાર્યશીલતાને એક વધુ વળ આપવાનું પૂર્વજોના નામસંકીર્તનથી વધારે સુકર બને છે. પણ પ્રજામાં વીરપૂજાની ભાવના કેળવવી હોય તો ધ્યાનમાં રાખવું જોઈએ કે પૂર્વજોમાંથી ઉત્તમોત્તમને જ વીરપૂજાના અર્ઘ્ય અર્પવામાં આવે. જે પ્રજા સાચા પૂર્વજોને ઓળખી શકતી નથી, તે ક્રમે ક્રમે પૂજ્ય પુરુષોને પેદા કરવાની શક્તિ પણ ગુમાવી બેસે છે. પૂર્વજોમાંથી પ્રથમ કક્ષાનાઓને પડતા મૂકી ઊતરતી કક્ષાના ઢિંગુજીઓને જે પ્રજા પૂજે છે, તે પોતાના આદર્શોને પણ એ ધોરણ પર લાવી મૂકે છે.

*

ભારતમાતાની કૂખ સબળી છે. અનેક મહાનુભાવ વ્યક્તિ અહીં પાકી. ભારત જ્યારે દબાયું હતું, એના ઉપર ભીંસ હતી, એના શીલની કસોટી હતી, ત્યારે કેવી કેવી વ્યક્તિઓ બહાર આવી છે! જાણે એક નક્ષત્રમાળા પ્રગટી.

પણ એ બધામાં ગાંધીજી જુદા તરી આવે છે. એક એક ગુણ લઈ ગોતવા જઈએ, તો એ ગુણ બીજાઓમાં વધારે ખીલેલા જોવા મળશે. વિદ્વત્તા, બુદ્ધિશક્તિ, શબ્દશક્તિ – આ બધા જ ગુણો છુટાછવાટા બીજા ઘણામાં, વધુ માત્રામાંયે જોવા મળશે. પણ આ બધા ગુણો એકમાં ભેગા થઈ જે સકળ પુરુષ થાય છે, તે દુનિયામાં વારંવાર જોવા મળતો નથી.

જન્મ્યા ત્યારે તો બીજાં બાળકો જેવા જ સામાન્ય બાળક હતા. એ મોહનદાસમાંથી મહાત્મા બન્યા. સામાન્ય માણસ પણ કેટલો આગળ વધી શકે છે, તે પોતાના જીવન મારફત એ બતાવી ગયા છે. અને આમ કરીને એમણે મનુષ્યજાતિને હંમેશ માટે મુશ્કેલીમાં મૂકી દીધી છે! – તમારાં કોઈ બહાનાં, ગલ્લાંતલ્લાં ચાલવાનાં નથી. તમે ઉત્તમ ન થઈ શકો, તેવું એક પણ બહાનું ચાલવાનું નથી.

*

વિખ્યાત ફ્રેંચ કવિ વિક્ટર હ્યુગો પોતાના લોકશાહી વિચારોને કારણે 1851થી 1870 સુધી દેશવટો ભોગવી રહ્યા હતા, તે દરમિયાન ‘લે મિઝરાબ્લ’ લખાયું. અને 1862માં એક જ દિવસે આઠ મોટાં શહેરોમાં દસ ભાષાઓમાં પ્રગટ થયું.

આપણાં પ્રાચીન પુરાણોની કાંઈક યાદ આપે એવી જે કેટલીક મહાકાય નવલકથાઓ યુરોપે છેલ્લાં સો-સવાસો વરસમાં સર્જી છે, તેમાંની ‘લે મિઝરાબ્લ’ એ એક છે. એ આમ તો જગતનાં દીનદુખિયાં, દબાયાં-દુભાયાંની કરુણ કથા લાગે. પણ જરીક ઊંડું જોતાં દુનિયાના સ્વાર્થપોપડાઓ નીચે કલકલ વહી રહેલા ચિરંતન માનવતા-ઝરણનું આપણને દર્શન કરાવનારી એક મંગલકથા બની રહે છે. કથાનો વેગ ક્યાંય કથળતો નથી. સાદી છતાં એક એકથી વધુ આશ્ચર્યકારક ઘટનાઓ નજર આગળ બનતી જ રહે છે. આખી ગાથા મહાકાવ્યની ભવ્યતા ધારણ કરે છે. ભાષાંતરની શૈલી સરળ, તળપદી અને રોચક છે. વચ્ચે આવતા બોલચાલના રૂઢિપ્રયોગો ભાષાંતરને જીવતું કરી મૂકવા માટે પૂરતા છે. વિદ્યાર્થીઓ આ પુસ્તક હોંશેહોંશે વાંચશે, એમાં શંકા નથી.

*

સવારે ઊઠ્યા અને રાતે સૂતા, તે વચ્ચે દિવસભરમાં એક વાર પણ જેણે આખા દેશનો વિચાર કર્યો હોય, એવી વ્યક્તિઓ કેટલી હશે? સ્વતંત્રતા માટે લડતા હતા ત્યારે ગામડામાં બેઠેલો નાનો અમથો સેવક રેંટિયો કાંતતાં, વાઈસરોયને ગાંધીજીએ લખેલા પત્રનો ખુમારીપૂર્વક વિચાર કરતો અને પોતાના હૃદયના તાર રાષ્ટ્રીય ધ્યેય સાથે સાંધતો. આજે એવું સંધાન જવલ્લે જ જોવા મળે છે. જાણે દરેક જૂથ પોતાનું

ભરી લેવા માંગે છે – પછી આખા દેશનું ગમે તે થાઓ.

આપણે સૌએ સચેત થઈને વિચારવા જેવો મોટો પ્રશ્ન હોય તો તે એ છે કે ભારતની લોકશાહીને થયું છે શું? કેમ કશું થતું નથી? કેમ આપણે આપણી જાતને ગરીબીમાંથી ઊંચે ઉઠાવી શકતા નથી? કેમ વધુ ને વધુ લોકો ગરીબીની રેખાની નીચે હડસેલાતા જાય છે? દેશમાં લોકશાહીનો બહારનો આકાર માત્ર રહેવા પામ્યો છે, અને તેનો આત્મા ઓસવાતો રહ્યો છે.

*

સ્ત્રી-સૌંદર્ય-હરીફાઈ થઈ, તો એક નેતાએ ઉચ્ચાર્યું : આપણી સંસ્કૃતિમાં તો ચારિત્ર્યની સુંદરતા એ જ સુંદરતા લેખાય છે. ચારિત્ર્યની સુંદરતાનો મહિમા કરવો, એ શું આપણી જ સંસ્કૃતિનો ઈજારો છે? આખી દુનિયા એક સમાજ જેવી થતી આવે છે, એટલે સ્ત્રી-સૌંદર્ય-હરીફાઈ જેવી વસ્તુઓ પણ અહીં આવવાની. આપણી સ્ત્રીઓનું શું થશે? – એ આપણને થાય. પણ આપણે જો કાંઈ સ્ત્રીઓના હિતમાં બોલવું હોય, તો પહેલાં બીજું કાંઈક કહેવું વધુ યોગ્ય ગણાય.

આપણી ખેતી-સંસ્કૃતિ, સ્ત્રીઓ ઢોરમજૂરી કરે. ક્યારેય પણ આમ તોર પર સ્ત્રીઓએ સમાનતા ભોગવી હોય, સ્ત્રી-સન્માનની ભાવના સચવાઈ હોય, એ માનવું મુશ્કેલ જેવું છે. આજે પણ પ્રામાણિક માણસોએ પૂછવા જેવું છે કે સ્ત્રીઓની આટલી બધી સેવાઓ લેવાનો આપણને હક છે? તો પહેલાં સ્ત્રી-સન્માન અને સ્ત્રીઓનું શોષણ ન થાય તેને માટે બોલવું ઘટિત છે.

*

હિંદના કોઈ એક પણ એક ખૂણાના સંતોની અસર આખા દેશમાં વ્યાપી શકે, એવું પહેલાંનું જીવન હતું. એક સંતજનના હૃદયમાં ઊર્મિ ઊછળે, અને સારા દેશના હૃદયના તાર ઝણઝણી ઊઠતા. આજે વ્યવહારનાં આટઆટલાં સાધનો ખડકાયાં છે, રોજ વર્તમાનપત્રો બહાર પડે છે, તેમ છતાં એ વખતના જેવું એકતારપણું આપણે સાધી શક્યા છીએ કે કેમ એ વિચારવા સરખું છે.

ગયાં સો વર્ષોમાં એક સાથે ભારતમાતાની કૂખમાંથી કેટલાં રત્નો નીકળ્યાં! [આજે] દેશને ખૂણે ખૂણે ફરીએ, અને એક નિશ્વાસ નીકળી જાય છે : એ વિભૂતિઓ ક્યાં છે? આપણને પ્રેરણા આપે એવા પુરુષો ક્યાં છે? એવી સન્નારીઓ ક્યાં છે?

આપણી પ્રજામાંથી માણસો નીકળશે, સરસ માણસો નીકળશે. સહન કરીને, પડતા-આખડતા આગળ વધશે. આપણી જે સાધના છે તેને આપણે ઉજાળશું.

*

*ઉમાશંકર જેમ અભિભૂત ન થાય, તેમ કોઈને વિશે આશા પણ છોડી ન દે. માણસના ગુણ કરતાં દોષની એમને વહેલી ખબર પડે, છતાં એ સરવાળાથી ચાલે – બાદબાકીથી નહીં. બધું બરાબર છે એમ માની લઈને નહીં; બધું સમજવા છતાં માણસમાં ઇતબાર રાખવાનો છે.*

*શોખ તો વાતચીતનો. પછી વાંચે, પછી લખે. લેખનમાં તો એમનો એટલો ઓછો સમય જાય કે કહે પણ ખરા : મને તો હું ‘લેખક’ હોઉં એવું લાગતું જ નથી! લખવા ધારેલું અને લખવા શરૂ કરેલું વર્ષોથી એમ જ પડ્યું હોય. મોટે ભાગે બધું મનમાં લખાઈ જાય પછી કાગળ પર ઊતરે.*

રઘુવીર ચૌધરી

*

*ઉમાશંકરમાં એક બીજા ઉમાશંકર બેઠા છે. એ બીજા ઉમાશંકરની એક પ્રતિમા આ ઉમાશંકરે ઘડી છે. એ પ્રતિમા ખંડિત થાય એવી કોઈ પણ ચેષ્ટા કવિ સહી શકતા નથી. પોતાના સફેદ સાળુ પર આક્ષેપનો કાળો ડાઘ પડવા ન દે, એવી વિધવા બ્રાહ્મણી સાથે એમને કોઈએ સરખાવ્યા છે.*

વિનોદ ભટ્ટ

*

# મનુભાઈ પંચોળીની વિચારયાત્રા

## નાનપણનાં અપમાનોનો બદલો

અપમાન અને નિરાશાના જે અનુભવો બાળકોને આપણાં ઘરમાં, શેરીઓમાં ને શાળામાં થાય છે, તે બાળકો ભૂલી નથી જતાં. તે મૂંગાં રહે છે, પણ ચિત્તના ચોપડામાં તેઓ સમાજને ખાતે એ ઉધારી રાખે છે. મોટાં થતાં જ તે ચોપડો ખોલે છે ને પોતાનું લેણું સમાજ પાસેથી વસૂલ કરે છે. બાળકે નાનપણમાં અપમાનના અનુભવ કર્યા હોય છે, એટલે મોટી ઉંમરે તે કોઈને ને કોઈને પીડિત કર્યા સિવાય રહી શકતો નથી. તે તક આવ્યે આક્રમક થાય છે, ને તક ન મળે ત્યાં સુધી અરજદાર રહે છે. તેને આપણે દબડાવ્યો, રોવડાવ્યો, હીણપત આપી; તેને થયું કે આનો બદલો કેમ લેવો? પોતાનાથી કોઈ નાનો મળશે તેને તે દબડાવશે.

*

## સમાજદ્રોહ શીખવતી કેળવણી

આજની ભૂંડી કેળવણીથી માણસ નર્યા સ્વાર્થ સિવાય કશું શીખતો નથી. હરામનાં હાડકાં કરવા અને સમાજદ્રોહ કરવા સિવાય બીજી કોઈ વૃત્તિ તેનાથી પોશાતી નથી. આપણે કહીએ છીએ કે કામ કરનારા નથી મળતા. પણ શેના મળે? આ શિક્ષણથી તો કામ ન કરે તેવાની જ સંખ્યા વધશે. આજની કેળવણી સામે આપણે બંડ ઉઠાવવું જોઈએ. આ-ની આ કેળવણી ચાલુ રહી, તો નવી પેઢી સમૂળગી પાંગળી અને સ્વાર્થી, સમાજદ્રોહી અને દેશદ્રોહી બની જશે.

*

## ઉજ્જવળ ભાવિ માટેનું મૂડીરોકાણ

આજે આપણા શિક્ષણની એક બહુ મોટી ખામી એ છે કે એક એક શિક્ષકના હાથ નીચે ઘણા વધારે વિદ્યાર્થીઓ મૂકવામાં આવે છે. પ્રાથમિક શાળામાં તો એકએક વર્ગમાં 60-70 બાળકો હોય છે. શિક્ષકો પોતે જ કહે છે કે, અમે એમને ભણાવતા નથી, માત્ર સાચવીએ છીએ. પણ શિક્ષકની પાસેથી આપણે અપેક્ષા રાખીએ છીએ બાળકના સર્વાંગી વિકાસની, ચારિત્ર્યગઠનની. ભારેમાં ભારે જવાબદારી સોંપીને ઓછામાં ઓછી અનુકૂળતા આપવાની પ્રથા અત્યારે શિક્ષકના વ્યવસાયમાં છે. કોઈ કહેશે, શિક્ષક દીઠ એટલા થોડા વિદ્યાર્થીનું પ્રમાણ રાખીએ, તો તો શિક્ષણ કેટલું મોંઘું થઈ જાય! પણ જો બંધો કે નહેરો બાંધવાનું કામ મોંઘું હોય તો શિક્ષણનું

કામ સોંપું હોવું જોઈએ તેવી અપેક્ષા કેમ રાખવામાં આવે છે? પોતાનું ભાવિ ઉજ્જવળ કરવા માટે પ્રજાએ સારું એવું મૂડીરોકાણ કરવું પડશે.

*

## શરદચંદ્રની સાહિત્યગંગા

1930થી 1940ના ગાળામાં શરદ-સાહિત્યની ગંગા જ ગુજરાતમાં ઊતરી. ગાંધીજીના વિચારોમાં ઔદાર્ય, સહિષ્ણુતા ને આત્મબલિદાનના જે ઉન્મેશો હતા, તે જ કલાના માધ્યમ દ્વારા સજીવ થઈને શરદ-સાહિત્યમાં મારી સમીપે આવ્યા. ગાંધીવિચારનો મર્મ સુધીનો જે અનુભવ મને કાકાસાહેબ કે કિશોરલાલભાઈમાં નહોતો થયો, તે શરદચંદ્રમાં થયો. મારા ચિત્તના ઉર્ધ્વીકરણમાં સહજભાવે અનન્ય સહાય કરી હોય તો તે શરદચંદ્રે. ક્યા રસથી સ્ત્રી-સમુદાયને નીરખવો? શરદચંદ્રે એ દૃષ્ટિકોણ આપ્યો. શરદચંદ્રનાં સ્ત્રીપાત્રોએ જાણ્યો છે તેવો પ્રેમ તો કોઈએ જાણ્યો નથી. પણ એ બધી સંયમની મૂર્તિઓ છે. આ સંયમ વડે તેઓ પ્રેમને મહિમાવંત કરે છે. તેમના ચિત્તની અલૌકિક સમૃદ્ધિના તેજમાં શરીરની વાસનાઓ ક્ષીણ થઈ જાય છે. જીવનની આ મૂળભૂત ને પ્રબળ વાસનાના ઉર્ધ્વીકરણ વિશે શરદચંદ્રે જાણે જીવનભર મનોહારી વિશ્લેષણ કર્યા કર્યું છે.

*

## આવાં ધાર્મિક સ્રી-પુરુષો હોવા છતાં –

ગઈ સદીનાં કેટલાંયે દૃઢ મનોબળવાળાં, સહજ તપ કરવાવાળાં સ્રી-પુરુષોનાં હૃદયસ્પર્શી શબ્દચિત્રો શ્રી મુકુન્દરાય પારાશર્યે આપ્યાં છે, એ વાંચતાં હું ઘણીવાર ગદ્‌ગદ થયો છું. પણ હરેક વાંચને મને થયું છે કે, આવાં માર્મિક સ્રી-પુરુષો હોવા છતાં આ દેશ ગુલામ કેમ બન્યો? અહીં અસ્પૃશ્યતા શા માટે? અહીં સતીનો રિવાજ, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ, સ્રીઓને તુચ્છ ગણવાનો ચીલો કેમ? શા માટે આ ધાર્મિક પુરુષો કે સ્રીઓનું ધ્યાન એ બાજુ ન ગયું? અને ગાંધીએ એ જ તપ ને ધર્મવૃત્તિનું આચરણ કર્યા છતાંયે, એ જ ગુલામી અને એ જ દૂષણો સામે શા કારણે બળવો કરતાં શીખવ્યું?

*

## આપણે જ સોંપી દીધેલો દેશ

ગાંધીજીએ કહ્યું છે કે, ‘અંગ્રેજોએ હિંદુસ્તાન જીત્યું નથી, પણ આપણે તેમને સોંપી દીધું છે.’ અંગ્રેજો થોડા હતા, ને આપણે તો અસંખ્ય હતા. આ થોડાએ અસંખ્યને કેમ હરાવ્યા? અંગ્રેજોને લશ્કરના સિપાહીઓ ને વહીવટદારો કોણે પૂરા

પાડ્યા? આપણે જ એમના સિપાહી થયા, વહીવટદાર થયા. આપણે જ એમને આપણો દેશ સોંપી દીધો. જમાનો બદલાતો ગયો, પણ આપણે ન બદલાયા. ન્યાતજાતનાં તે જ કૂંડાળાં, તે જ ધાર્મિક રૂઢિઓ, આ બધાં અપલક્ષણો સાથે આપણે નવી રાજ્યપદ્ધતિ, નવું બંધારણ લાવ્યા. પણ આપણે તો જૂના ને જૂના જ રહ્યા. કોળી કોળી માટે, કણબી કણબી માટે, ભણેલા (ખરી રીતે ભૂલેલા) ભણેલા માટે, બધું જૂનું માનસ અકબંધ રહ્યું.

અંગ્રેજો ગયા, ગોરા સાહેબોને બદલે ઘઉંવર્ણા સાહેબો આવ્યા. તે આપણા મુનીમ છે, રાજ્ય આપણું છે તે આપણા લાભમાં ચાલે, એ જાતની જાગૃતિ નથી, જ્ઞાન કે અભ્યાસ નથી. રાજકારણનું પાયાનું જ્ઞાન સૌને મળે તે જાતના પ્રજાકીય શિક્ષણની જરૂર છે. તે માટે આપણે જૂના વિચારો, જૂના આચારો, એવું કાંઈ કાંઈ બદલવું પડશે. નહીંતર એ જ મતદાનથી નબળાં તત્ત્વો સત્તા પર આવશે.

*

## ‘‘શીંગડાં માંડતાં શીખવશું!’’

ગાંધી પાસેથી અમે સમજ્યા કે વિદ્યાર્થીઓ ગામડાંને સુધારવા અને ગામડાંની વકીલાત કરવા પ્રેરાય, તે ગામડાંની કેળવણીનું લક્ષ્ય હોવું જોઈએ. કોઈવાર બાળકોના વાલીઓ પૂછતા : ‘‘મારા છોકરાને નોકરી મળશે?’’ હું કહેતો : ‘‘મળે પણ ખરી, ન પણ મળે; પણ અમે નોકરી માટે ભણાવતા નથી.’’

‘‘પણ તમે બીજું શું શીખવો છો?’’

‘‘જુઓ, બાપા, અમે શું શીખવીએ છીએ તે કહું?’’

પછી તેની સામે આંખ નોંધી હું પેલા બકરીના બચ્ચાની વાત કહેતો કે એ બ્રહ્મા પાસે જઈને પોતાને કૂતરાં, નાર, બધાં ખાઈ જાય છે – તેમાંથી બચવું કેમ તે અંગે કાકલૂદી કરવા લાગ્યું; અને પછી બ્રહ્માએ આપેલા જવાબથી તેના કાન ભરાઈ જાય તેમ કહેતો : ‘‘બાપા, બ્રહ્માએ એ બચ્ચાને કહ્યું, ‘હું તો તારો દાદો છું ને? એ છતાંય તારું આ કૂણું કૂણું રાંકડું મોઢું જોઈને મનેય મન થાય છે તને એક બટકું ભરી લેવાનું! તો જરા શીંગડાં માંડતાં શીખ્ય. તને મેં આ શીંગડાં શા સારુ આપ્યાં છે?’ – બાપા, અમે આ શીંગડાં માંડતાં શીખવવાના છીએ!’’

*

## ‘‘પણ તમે એટલું ઉમેરો —’’

ઘણાં વરસો પહેલાં કેટલાક શિક્ષકો મારી પાસે આવેલા. તેમણે કહ્યું કે, ‘‘અમે સરકારને એક નિવેદન કરવા માગીએ છીએ કે શિક્ષકોને ઓછામાં ઓછો

રૂ. દોઢસોનો પગાર મળવો જોઈએ. તમે તેની નીચે સહી કરો.'' મેં કહ્યું, ''જરૂર સહી કરું. પણ તમે એટલું ઉમેરો કે શાળાના પટાવાળાઓને ઓછામાં ઓછો રૂ. 100નો પગાર મળવો જોઈએ.''

*

## કાવડ ઉઠાવનારા ક્યાં છે?

જે દિવસે રેલવે ને તારટપાલ નહોતાં, ત્યારે પણ કાશીનું ગંગાજળ દક્ષિણમાં છેક રામેશ્વર સુધી લઈ જનારા કાવડિયા હતા. આજે રેલ-તારટપાલ કે રેડિયો ચારે બાજુ ફેલાયાં છે, છતાં સર્જનનું ગંગાજળ વહી જનારા કાવડિયા ક્યાં છે? જ્ઞાન-વિજ્ઞાનની ગંગાને ખેતરે ને ઝૂંપડે પહોંચાડનાર ક્યાં છે? કાવડ ઉઠાવનારા ક્યાં છે? 'તુલસી-રામાયણ' કે 'સરસ્વતીચંદ્ર' જેવી કૃતિઓ બધા રચી શકતા નથી, પણ તેમાં રસ લેવાનું-લેવરાવવાનું, તેનો પ્રચાર કરવાનું ઘણા કરી શકે. મધ્યયુગમાં સાધુ-સંતો ને માણભટ્ટોએ 'વેદાંત'ને ચોરા-ચોક ને ભજન-મંડળીઓ સુધી સુલભ કરી દીધું, તેથી 'વેદ'નો જ્ઞાનપ્રવાહ વહેતો રહ્યો. આજે સર્જન પણ એ જ માગે છે. એને માટે કાવડિયા જોઈએ છે.

*

## મનુષ્યને સમજવાની ચાવીઓ

દરેક મનુષ્યને હૃદય મળેલું છે. આ સાહિત્ય છે તે એ હૃદયની વાત કહે છે. હૃદયનાં ઊંડાણની, હૃદયનાં તોફાનોની, હૃદયની મલિનતાની, હૃદયની શુદ્ધતાની, હૃદયમાંથી પ્રગટ થતા ભગવાનની, હૃદયમાં પ્રગટ થતા શેતાનની, અને એ શેતાન ને ભગવાનના ઝઘડાની, ને એ ઝઘડામાંથી ધીમે ધીમે શેતાન કેમ ભગવાનમય થતો જાય છે એની વાર્તા.

આ સાહિત્યપદાર્થમાં મનુષ્યને સમજવાની, મનુષ્ય પ્રત્યે અપાર સહાનુભૂતિ કેળવવાની શક્તિ હોય છે. જે બધા મોટા સાહિત્યકારો થયા છે તેમણે સંસ્કૃતિની મોટામાં મોટી સેવા કરી હોય, તો તે એ કે મનુષ્યને સમજવાની ચાવીઓ એમણે આપી છે.

*

## દુનિયાનાં ઘા-ઘારાં કેમ રુઝાશે?

નાનાભાઈએ કેળવણીને અમૃતસંજીવની માની હતી. એ સંજીવનીની શોધની આડે આવતાં ધન, માન, પદાધિકાર કશાય ડંખ વિના છોડ્યાં હતાં. સંસ્કૃત સાહિત્ય તેમને અત્યંત પ્રિય હતું. પણ જે ઘડીએ તેમને ખબર પડી કે સમાજને સજીવન

રાખવા માટે નાનાં બાળકોની કેળવણી જ અગત્યની છે, એટલે તરત જ 'બાપા, કાગડો!' જેવી વાર્તા 'શાકુંતલ'ના જેટલા જ રસથી કહેવા માંડી. એક દહાડો એમને દેખાયું કે સાચી કેળવણીમાં ઉત્પાદક શ્રમ, આ દેશમાં વિશેષ કરીને ખેતી-ગોપાલન, હોવાં જોઈએ, ને બીજી જ પળથી તેમણે ખેતીવિજ્ઞાન શીખવા-શીખવવા માંડ્યું; જાતે નીંદામણ કર્યું, લણ્યું, પાળા બાંધ્યા, ગાયો ચારવા પણ ગયા. એમને પ્રતીતિ હતી કે કેળવણી દ્વારા જ આ દુનિયાનાં ઘા-ઘારાં છેવટે રુઝાશે. કેળવણી દ્વારા લોકારાધ્યન એ તેમનો યજ્ઞ હતો. છતાંય તેમને લોકરંજન નહોતું કરવું. એટલે તો હરિજનોના પ્રશ્ને તેમણે લોકો સાથે કદી સમાધાન ન કર્યું, અને એકવાર તો શાળા બંધ થવા દીધી. લોકોનું, રાજ્યનું, વિદ્યાર્થીઓનું કે સાથી કાર્યકરોનું રંજન કરવાનું તેમણે વિચાર્યું જ નહોતું.

*

## કોર્ટો-જેલોનું ખર્ચ ઘટાડવા માટે

પ્લેટોએ કહ્યું છે કે જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે. જે સમાજ પોતાનાં બાળકો માટે સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણ-વ્યવસ્થામાં જ યોજે છે, તેને કોર્ટો-જેલોનું ખર્ચ ઓછું કરવું પડે છે. આત્મસંયમ નથી ત્યાં પ્રશાસન લાવવું પડે છે. આ આત્મસંયમ અંતઃતૃપ્તિથી આવે છે. જેને પોતાની પ્રવૃત્તિ કઈ તે જડી ગયું છે, તેને બીજાનાં કામમાં ડખલ કરવાની, બીજાની ટીકા કરવાની ફુરસદ જ નથી હોતી. આપણામાંના મોટા ભાગને આંતરતૃપ્તિ નથી, માટે બહાર દોડધામ કરીએ છીએ, વસ્તુઓના ગંજ ખડકીને મોટા થવાનો ડોળ કરીએ છીએ, કારણ અંદર આપણું મન ખાલીખમ હોય છે.

*

## અમૃતસમી નવલકથા 'ઘરે-બાહિરે'

બંગાળના ભાગલા પડ્યા. બંગભંગ-વિરોધી ચળવળમાં રવીન્દ્રનાથે ઉત્સાહથી ભાગ લીધો. પણ એ દરમિયાન એમને અનુભવ થયો કે દેશને પરદેશીઓની ચૂડમાંથી છોડાવવા શરૂ થયેલ આ હિલચાલમાં સોનું ઓછું ને ગિલેટ ઝાઝું હતું, ને તેઓ પાછા હઠી ગયા. લોકોએ તેમની ટીકા-નિંદા કરી. તેમની દેશભક્તિ પર શંકાઓ થઈ. પણ કવિ ન ડગ્યા. ઊલટું, બધી ટીકા-નિંદા-શંકા વાગોળી-પચાવી અમૃતસમી નવલકથા 'ઘરે-બાહિરે' આપી કવિપદને સાર્થક કર્યું. કથા દ્વારા જે બોધપાઠ આપ્યો છે તે છે પ્રેયને છોડી શ્રેયને પસંદ કરવા જતાં આવનારાં પરિણામનો, શીલને મૂકી શક્તિની પાછળ દોટ મૂકવા જતાં આવતી આફત-પરંપરાનો. ગાંધીજીના

સાધનશુદ્ધિના આગ્રહને જેણે યથાર્થ રીતે સમજવો હોય, તેને માટે ‘ઘરે-બાહિરે’થી કોઈ વધારે સહાયક કૃતિ નથી.

*

## ત્રણ મહાન ગ્રંથોના સરળ સંક્ષેપ

બાળવયે મને રસ, ભાવના ને વીરોદ્રેકથી તરબોળ કરી મૂક્યો હોય, તો એ ‘નર્મગદ્ય’માં સંઘરાયેલ ‘ઇલિયડ’, ‘રામાયણ’ અને ‘મહાભારત’ના સારભાગે. આ ત્રણ મહાન ગ્રંથોના સરળ છતાં સજીવ સંક્ષેપો મને એ ઉંમરે વાંચવા મળ્યા, તેને હું મારા જીવનનું એક પરમ સૌભાગ્ય ગણું છું. ‘ઈલિયડ’નું સારદોહન એટલું રસાળ ને સચોટ હતું કે મને એ કથામાં પરદેશીપણું ન લાગ્યું. ગ્રંથ ઉત્તમ હોય ને તેને પચાવીને ઉતારનાર જો કલાકાર હોય, તો પરદેશની કૃતિ પણ સ્વાદિષ્ટ લાગે છે એટલું જ નહીં, એનાથી પરભોમમાં વિકસેલાં શીલ અને સૌંદર્ય તરફ મમતા પણ જાગે છે.

*

## ભણાવવું એટલે મરદાનગી આપવી

ભણાવવું એટલે શું? ભણાવવું એટલે જ્ઞાન આપવું અને સાથે મરદાનગી આપવી. આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે. આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને અન્યાય-નિવારણ માટે લડત આપે. શિક્ષણનું ખરું કામ આ છે. ભણેલો માણસ શુરવીર હોય. સેવા પણ એને માટે જ છે – સેવામાંથી મરદાનગી પ્રગટ થવી જોઈએ, સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ. શિક્ષણ, સાહિત્ય અને સેવાએ જે કરવાનું છે તે આ છે. શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં, સેવા ખાતર સેવા નહીં. એ ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ, માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય, તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું છે.

*

## સાધુતા તરફની યાત્રા

માણસ ઘરમાં રહે કે આશ્રમમાં, લૂગડાં ધોળાં પહેરે કે ભગવાં, તે મહત્ત્વનું નથી. અગત્યની વાત એ છે કે ઈશ્વરે આપણને જે કાંઈ જ્ઞાન-ધન કે સત્તા આપ્યાં છે, તેનો ઉપયોગ આપણે કઈ રીતે કરીએ છીએ. સાધુનું લક્ષણ એ છે કે તે બીજાનો

વિચાર કરીને ચાલે છે. જેમ માતા બાળકનું દુઃખ પોતે અનુભવે છે તેમ સાધુ બીજાનું દુઃખ અનુભવે છે. આવું સાધુત્વ દરેક માણસ કેળવી શકે છે. આપણે શિક્ષક હોઈએ કે ડૉક્ટર, વેપારી હોઈએ કે ગૃહિણી, પણ આપણે પરદુઃખે દુઃખી થઈએ, બીજાના દુઃખને ટાળવાનો પ્રયત્ન કરીએ, એટલે સાધુત્વની દિશામાં આપણે આગળ વધ્યા. જેટલી સ્વકેન્દ્રિતા ઓછી, તેટલું સાધુત્વ વધારે. પંડિતો પણ સ્વકેન્દ્રી હોય છે, ગરીબો પણ સ્વકેન્દ્રી હોય છે. આ સ્વકેન્દ્રિતા તે છે સંસાર. આપણે સંસારમાંથી સાધુત્વ તરફ યાત્રા કરવી છે, અહંકાર ઓછો કરવો છે. સાવ એ જશે એવું કદાચ નહીં બને. પણ આપણાથી થાય તે થોડું થોડું કરતા રહેવાનું છે.

*

## ‘એ ધર્મ કદી ન તજી શકું!’

રામચંદ્રજી વનવાસ માટે નીકળ્યા ત્યારે હથિયાર ધારણ ન કરવાનો નિશ્ચય કરેલો. રસ્તામાં એક આશ્રમ આગળ હાડકાંનો ઢગલો જોઈને પૂછ્યું કે, આ શું? ત્યારે આશ્રમવાસીઓએ જણાવ્યું કે, આ છે ઋષિઓનાં હાડકાં; રાક્ષસો આવીને અમને ઉપાડી જાય છે અને પછી હાડકાં અહીં નાખી જાય છે. આથી આવેશમાં આવીને રામચંદ્રજી કહે : ‘આશ્રમવાસીઓ, તમે નિરાંતે જપ-તપ-ધ્યાન કરો, આવા રાક્ષસોને હું હણીશ.’ અને પછી સીતાજીને કહ્યું : ‘લાવો મારાં ધનુષબાણ!’ સીતાજીએ ધનુષ-બાણ આપ્યાં ને હળવેકથી કહ્યું : ‘તમે તો હથિયાર હાથમાં ન લેવાનું વ્રત લીધું છે ને?’ રામચંદ્રજી આવેશથી બોલ્યા : ‘હું તને તજી શકું, લક્ષ્મણને તજી શકું, પણ આર્તત્રાણને બચાવવાનો મારો ક્ષત્રિયનો ધર્મ કદી ન તજી શકું.’

*

## સંસ્કારિતા આપોઆપ આવતી નથી

સંસ્કારિતા એ બહુધા પ્રાપ્ત સંસ્કાર છે, તે આપોઆપ વારસામાં આવતો નથી. તે માટે સંસ્કારવારસો આપવાની શિક્ષણવ્યવસ્થા, પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય, તો બીજી પેઢીએ જ પહેલાં હતી તેવી અસંસ્કારિતા પાછી પ્રવર્તે છે. બહુબહુ મહેનત-મંથનને અંતે સંસ્કારિતા હાથ આવે છે.

*

## સાહિત્યસેવન એટલે આનંદ-તપસ્યા

સારી સાહિત્યકૃતિની એક ખાસિયત ધ્યાન રાખવા જેવી છે : એ કૃતિ તેનું સમગ્ર સ્વરૂપ પહેલા વાચને જ પ્રગટ કરી દે છે તેવું નથી. ઉત્તમ કૃતિ કુલ-કન્યા

છે, વારંવારના અનુનય પછીથી તે પ્રાપ્ત થાય છે. કોઈ પણ સારી કૃતિ પ્રથમ વાચને તેનું સમગ્ર સ્વરૂપ આપણને બતાવી દે જ, તેવું નથી. વાચન પણ એક તપ છે. તેમાં પણ બહારના રસો થંભાવી દઈ, કૃતિ સાથે એકાકાર વૃત્તિથી બેસવું પડે છે. વસ્તુતઃ સાહિત્યસેવન એ આનંદ-તપસ્યા છે. તેમાં આનંદ છે માટે લહેર જ લહેર છે, કાંઈ તપસ્યા નથી, એવું નથી.

*

## સારપ અને સમજણ અલગ છે

સ્વરાજ આવ્યું, લોકશાહી લાવ્યા, સમાનતા, સમાજવાદ, આયોજન, બિનસાંપ્રદાયિકતા જેવા કાંઈ કાંઈ મોટામસ શબ્દો ચલાવ્યા. પણ તેનો અર્થ પ્રજા સુધી કાંઈ પહોંચ્યો ખરો? ફુગાવો શા માટે છે? એ કેમ મટે? તે બાબતમાં લોકો કાંઈ જાણે છે ખરા? મધ્યયુગમાં યજમાન ન સમજે તેવા મંત્રોથી બ્રાહ્મણો યજ્ઞ ચલાવતા, તેવાં જ અર્થહીન ભાષણો રાજકીય નેતાઓ આજે કરે છે. લોકો તે સમજતા નથી, ઝટ સમજે તેમ પણ નથી. તેમને સમજાવવાની ધીરજ નેતાઓમાં નથી. અંગ્રેજો અહીં આવ્યા ત્યારે આ દેશની ખેતી, વિલાયતના કરતાં સારી હતી, ગ્રામોદ્યોગો સારા હતા, એટલે તો ધન મેળવવા અહીં આવેલા. તેઓ તો આપણાથી ગરીબ હતા જ. પણ સામાજિક, રાજકીય, વૈજ્ઞાનિક વિચારોમાં તે આગળ વધી ગયા. આપણે નવું કાંઈ શીખ્યા નહીં. પરિણામે આપણે હાર્યા. સારા માણસો તે વખતે પણ હતા જ. પરંતુ સારા અને સામાજિક રીતે સમજુ બંને અલગ છે. સારા માણસો પણ સામાજિક રીતે અણસમજુ હોઈ શકે છે, તે વખતે હતા, આજે પણ છે.

*

# ગિજુભાઈ બધેકાની વિચારયાત્રા

## ના ડરીએ

આપણે પોલીસથી ના ડરીએ. પણ પોલીસને માન આપીએ. પોલીસ વ્યવસ્થા માટે છે, ડરાવવા માટે નથી. જે પોલીસની વ્યવસ્થાને માન આપે, તેને ડર હોય જ નહીં. વ્યવસ્થાનો ભંગ કરે તેને ડરવાનું હોય. આપણે શિક્ષકથી ના ડરીએ, શિક્ષકને સન્માનીએ. શિક્ષક શીખવવા માટે છે, સજા કરવા માટે નથી. આપણે પરમેશ્વરથી પણ ના ડરીએ. પરમેશ્વર પ્રેમ કરવા માટે છે, નરકમાં નાખવા માટે નથી. જે પ્રભુની ઇચ્છાનો અમલ કરે છે, તે નરકથી નિર્ભય છે.

*

## જુવાનીની મજા

મને લાગે છે કે તેણે જુવાની જોઈ જ નથી જેની આંખ કોઈ ગરીબની ઉપર ઘા પડતાં રાતી નથી થઈ. તેણે જુવાની જોઈ જ નથી કે જેણે મહત્ત્વાકાંક્ષાઓ સેવી નથી, જે મહત્ત્વાકાંક્ષા પાછળ ધૂળધાણી નથી થયો, ધૂળધાણી થવામાં જેણે મજા નથી માણી.

*

## એક દિવસે નથી થતું

પેલી સાત માળની હવેલી એક દિવસે નહોતી થઈ. કડિયાએ એક ઉપર બીજી ને બીજી ઉપર ત્રીજી, એમ કેટલીયે ઈંટો કેટલોય કાળ મૂકી, ત્યારે એ હવેલી ચણાઈ હતી. પેલો વોરા બજારનો સુલેમાન એક દિવસે મોટો શેઠિયો નહોતો થયો. એક દિવસ એ પાઈ-પાઈની ટીકડીની ફેરી કરતો. એમ નાનો વેપાર કરતાં કરતાં મોટો વેપારી થયો, ને એમ કરતાં કરતાં કેટલાંય વર્ષે તે એક મોટો શેઠિયો થયો. કશું કંઈ એક જ દિવસે નથી થતું.

*

## સાચી પ્રગતિ

મનુષ્ય જરા સ્વચ્છ રહેતાં શીખે છે, ત્યાં તે બીજાં બધાંને અસ્વચ્છ ગણી તેમના પ્રત્યે તિરસ્કારથી જુએ છે. મનુષ્ય જરા સંયમી બને છે, ત્યાં તો તેને જગત બધું અસંયમી લાગે છે. પોતે ભણે તો પોતાને અભણથી ચડેલો માને; પોતે કાંઈ

કરે, તો ન કરી શકે તેમની સામે જોઈને મોઢું મરડે.

આનું નામ અવગતિ. પોતાની શ્રેષ્ઠતાનું ભાન, ને તેથી બીજાંને હલકાં ધારવાની વૃત્તિ, એ પ્રગતિના માર્ગની રોધક છે. સાચી પ્રગતિનાં લક્ષણ આ છે : જાત પ્રત્યે અસંતોષ કે 'ક્યાં પૂરતું ચડી શકીએ છીએ?' જેઓ ચડ્યા છે તેમના પ્રત્યે સન્માન કે, 'તેઓ કેટલું બધું ચડ્યા છે!' અને નથી ચડ્યા તેમના પ્રત્યે તીવ્ર લાગણી કે, 'એ બધા ક્યારે ચડશે?'

*

## જંપ કેમ વળે?

જ્યાં સુધી બાળકો ઘરમાં માર ખાય, શેરીમાં દુર્ગંધ ખાય અને શાળામાં ગાળ ખાય, ત્યાં સુધી જંપ કેમ વળે? જ્યાં સુધી આંધળાં ને લૂલાંનો, ગાંડા ને બાંડાનો કોઈ બેલી નથી, ત્યાં સુધી જંપ કેમ વળે? ત્યાં સુધી જંપ કેમ વળે જ્યાં સુધી બાળકો માટે શાળા નથી, વાચનાલય નથી, ક્રીડાંગણ નથી, બગીચા નથી? ત્યાં સુધી જંપ કેમ વળે, જ્યાં સુધી એક પણ બાળક સન્માન વિનાનું છે, માંદું છે, ગંદું છે?

*

## એમ આગળ નહીં વધાય

એમ બેઠાંબેઠાં વાતો કરવાથી આપણે આગળ વધી શકીશું નહીં. એમ બેઠાંબેઠાં નિંદા કરવાથી પણ આપણે આગળ વધી શકીશું નહીં. એમ પડ્યાં પડ્યાં સ્વપ્નો રચવાથી પણ આગળ વધી શકીશું નહીં. એમ રડતાંરડતાં ઈશ્વર પાસે યાચના કરવાથી પણ આગળ વધી શકીશું નહીં.

આગળ વધવું હોય તો ઊઠો, મહેનત આદરો અને જ્યાં સુધી ધાર્યા મુકામે ન પહોંચાય ત્યાં સુધી કામ કર્યા જ કરો.

*

## કઈ લડતમાં ઝુકાવીશું?

જ્યાં સુધી આપણી આજુબાજુ ગંદકી છે, ત્યાં સુધી આપણી જ સ્વસ્થતા ટકવાની નથી. જ્યાં સુધી આપણી આજુબાજુ ચેપી રોગો છે, ત્યાં સુધી આપણું જ આરોગ્ય સહીસલામત નથી. જ્યાં સુધી આપણી આસપાસ દરિદ્રતા છે, ત્યાં સુધી આપણો જ રોટલો નિર્ભય નથી. જ્યાં સુધી આપણી આસપાસ ચોર-લૂંટારા ને ખૂનીઓ છે, ત્યાં સુધી આપણો જ જાન સુરક્ષિત નથી. જ્યાં સુધી આપણી આસપાસ અજ્ઞાન, વહેમ, કુરિવાજ છે ત્યાં સુધી આપણું જ જીવન સ્વસ્થ નથી, સુખી નથી.

કંઈ નહીં તો આપણા જ હિત માટે આપણે લડીએ. ગંદકી, રોગ, દરિદ્રતા સામે આપણે જ ઝૂઝીએ. દુનિયામાં ચાલી રહેલી અનેક લડતોમાંથી કઈ લડતમાં આપણે ઝુકાવીશું?

*

## ઘડીભર છોડી દે!

ઘડીભર રાજદ્વારી પ્રપંચ છોડી દે ને તારા બાળક સાથે રમ. ઘડીભર વેપારની ગડમથલ છોડી દે ને તારા બાળક સાથે રમ. ઘડીભર કાવ્ય-સંગીતને છોડી દે અને તારા બાળક સાથે રમ. ઘડીભર ભાઈબંધ-મિત્રોને છોડી દે ને તારા બાળક સાથે રમ. ઘડીભર પ્રભુ-ભજનને પણ છોડી દે ને તારા બાળક સાથે રમ.

*

## આપણને તરત જ સમજી જાય છે

તમે આખી દુનિયાને ઠગી શકશો, પણ તમારા બાળકને ઠગી શકશો નહીં. તમે આખી દુનિયાને આંજી શકશો, પણ તમારા બાળકને આંજી શકશો નહીં. તમે તમારું ચારિત્ર્ય ઈશ્વરથીયે છૂપું રાખી શકશો, પણ તમારા બાળકથી છૂપું રાખી શકશો નહીં. કુદરતે એમને કોણ જાણે કેવીયે શક્તિ આપીછે કે તેઓ તમને જાણી જ જવાનાં. તેઓ તરત સમજી જાય છે કે –

આપણી આંખમાં અમૃત છે કે ઝેર છે, આપણી વાણીમાં કડવાશ છે કે મીઠાશ છે, આપણા સ્પર્શમાં કોમળતા છે કે કર્કશતા છે. તેઓ આપણને તરત જ સમજી જાય છે.

*

## બધુંય ભાવવું જોઈએ!

'લે, સામું જોઈને બેઠો છે શું? આ રોજની પંચાત! એમાં ભાવવું'તું શું?'

'પણ આ તીખું ભાવે નહીં એનું શું?'

'એટલું બધું તીખું ક્યાં છે?'

'લે, ચાખી જો જરા – કેવું તીખું છે!'

'જો સામું બોલતાં શીખ્યો છે! ઊઠ, ઊભો થા! આવાં રૂપાળાં દાળભાત દસ વાગ્યામાં તૈયાર કરી આપીએ છીએ, ત્યારે ભાઈને ભાવતું નથી! કો'ક બીજી મા હોત તો ખબર પડત!'

*

## બતાવે તો?

બાપા કહે છે, 'એ ભાઈ, જરા જોઈને ચાલજે. ક્યાંક પડી ન જતો.' બા કહે છે, 'નટુને હાલવાનું ભાન જ ક્યાં હતું?' બહેન કહે છે, 'નટુ તો એમ જ ચાલે છે ને પડે છે.'

આસ્તે આસ્તે આસ્તે નટુને પણ એમ જ લાગે છે કે, 'ખરેખર હું તો એવો જ છું. મને ચાલતાં આવડતું જ નથી. જ્યાં જાઉં ત્યાં મને ઠેશ વાગે છે.'

બધાં વાંક જ કાઢ્યા કરે છે, તેના કરતાં કોઈ ચાલીને બતાવે ને કહે કે 'આમ ચલાય', તો?

*

## તમને હોંશ થઈ –

તમને હોંશ થઈ કે આપણે બાળકને માટે કંઈક કરવું તો જોઈએ. તમે એક જ કંઈક કરવા માગો છો. તો શું કરશો? – છોકરાંને મારવા નહીં... ધારો કે તમે કંઈક બે વાનાં કરવા માગો છો, તો શું કરવું? – બાળકને વઢવું નહીં... ધારો કે તમારે કંઈક ત્રણ કરવાં છે. તો શું કરવું? – બાળકને લાલચ આપવી નહીં... ધારો કે તમે બાળકને માટે ચાર કાંઈક કરવા ધારો છો. તો શું કરવું? – તો બાળકને વારેવારે શિખામણ દેવી નહીં, વારેવારે વાંક કાઢ્યા કરવો નહીં.

*

## આ છોકરો કોનો છે?

આમ છે તો કતડિયા જેવો. પગની પિંડીઓ ભરેલી છે. જે સોંપે છે તે કામ ઝટઝટ કરે છે. બાપા માગે તે લાવી આપે છે. 'એલા, આ કૂતરું હાંક!' કૂતરાને એક પથરો માર્યો તે કૂતરું ચાલ્યું ગયું. 'એલા, જા દુકાને ને બે પૈસાનાં પાન લઈ આવ!' દોડતો જઈને પાન લઈ આવ્યો. બાપા બહાર ગયા. છોકરાની માએ સાદ પાડ્યો : 'જા તો, સામે ઘેરથી છાશ લઈ આવ.' છોકરો દોડતો દોડતો છાશ લઈ આવ્યો. છોકરો નવરો પડ્યો. એક સૂતરનો દડો લીધો ને ગેડી લીધી. ફળિયામાં એકલો એકલો કલાક સુધી રમ્યો.

*

## કોણ કેળવાય છે?

પૂનો અરધે ઉઘાડે ડિલે સૂરજના તડકામાં આથડે છે ને ટાઢ ઉડાડે છે. ઉશાકાંત શરીરને ગરમ કપડાંથી લપેટીને સગડી પાસે બેઠો છે. પૂનો ઘર પાસે આવેલા કૂતરાને પથરો લઈને ઝટ હાંકી કાઢે છે. ઉશાકાંત કૂતરો જોઈ રડતો-રડતો ભાગી બાને બોલાવે

છે. પૂનો સવારે અરધો રોટલો ને છાશ શિરાવે છે ને બપોર પહેલાં ભૂખ્યો થાય છે. ઉશાકાંતને દૂધ ભાવતું નથી ને ચાનો એક પ્યાલો લીધા પછી બપોર સુધી એ ભૂખ્યો થતો નથી.

*

## અમર નામ મૂકી જવા જેવું કામ

*બાપુ ગાંધીએ જે જુસ્સાથી દુનિયામાં અહિંસા-પ્રેમનો પ્રચાર કર્યો, તે જ જુસ્સાથી ગિજુભાઈએ નિશાળો અને ઘરોમાં અહિંસાધર્મનો પ્રચાર કર્યો છે. જ્યારે જ્યારે ઘરોમાં કે નિશાળોમાં બાળકો પ્રત્યે હિંસાભર્યું વર્તન કોઈ કરી બેસે છે, ત્યારે તેઓ મનમાં ને મનમાં ગુનાની લાગણી અનુભવે છે, બાળકોના ગાંધી ગિજુભાઈની મૂર્તિ દર્દભરી નજરે તેમને જોઈ રહી હોય એમ તેમને લાગ્યા વગર રહેતું નથી.*

*ગિજુભાઈ એક ઉત્કટ ભક્તજન હતા. નહીં તો આટલી બધી તળમળાટ, આટલી બધી વ્યાકુળતા, આટલું બધું લોહીનું પાણી કરવું સંભવે જ નહીં. જે કોટિમાં કોઈ કબીર, મીરાં કે તુકારામને મૂકીએ, અથવા જે કોટિમાં રામકૃષ્ણ પરમહંસ કે ગાંધીજીને મૂકીએ તે જ કોટિમાં ગિજુભાઈ બેસે છે.*

*ગિજુભાઈનો સાચામાં સાચો પરિચય તો તેમણે પોતાના પ્યારા બાલદેવો આગળ જે મધુરા થાળો પીરસ્યા છે તે છે તેમની બાળવાર્તાઓ, બાળગીતો, બાળપાઠો. ગુજરાતમાં અમર નામ મૂકી જવા જેવું કામ કરી જનારાઓમાં ગિજુભાઈની ગણતરી થશે.*

જુગતરામ દવે

*

*પોતાની ચિત્રાત્મક અને ભાવપ્રધાન ‘બાની’માં બાળકોની સુરુચિ ઘડવા માટે કુદરત-કથાઓ, પશુપક્ષીની કથાઓ, શેરીના જીવનની કથાઓ, તેમજ નિત્યના વ્યવહારમાં જોવા મળતાં લાક્ષણિક માનવીઓની રેખાચિત્રકથાઓ ગિજુભાઈએ ધોધબંધ વહેતી મૂકી હતી. ગિજુભાઈની લેખિનીના પ્રેમીજનો જો એમના ખેડેલા સાહિત્યપ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતું એક સ્મારક-પુસ્તક બહાર પાડે, તો તેવો ગ્રંથ ગુજરાતી સાહિત્યની વિરલ શોભા બની રહશે. ગિજુભાઈએ એટલું અઢળક લખ્યું છે કે તેમાંથી શુદ્ધ સુવર્ણને તારવી લેવાની વહેલી તકે જરૂર છે.*

ઝવેરચંદ મેઘાણી

*

# ફાધર વાલેસની વિચારયાત્રા

## અઘરું કામ સોંપો

'યુવાનની પાસેથી ઘણું માગશો તો ઘણું મળશે; ઓછું માગશો તો કશું મળશે નહીં.' – એ સિદ્ધાંતમાં યુવાન માણસનું પારખું છે. ખરા યુવાનને અઘરું કામ ખપે. એમાં એનું ગૌરવ છે. યુવાન માણસ સહેલું કામ ન કરે. તે એવરેસ્ટ ઉપર ચડે, મહાસાગર ખેડે. માટે એ યુવાન માણસની આગળ જ્યારે આપણે ફક્ત ગામનાં તળાવ અને પાદરના ટેકરા મૂકીએ, જ્યારે ઉભ્યાસક્રમો સહેલા બનાવીએ, શિસ્ત ઢીલી મૂકીએ, જ્યારે બધું ચલાવી લઈએ, સહેજ પણ કષ્ટ પડવા ન દઈએ – ત્યારે એ યુવાન માણસ હૃદયના ઊંડાણમાં નિરાશ થાય છે કે, આ શું મારા લાયક કામ છે? આ મારી શક્તિનું માપ છે? આજે આપણે યુવાનો પાસેથી ઓછું મેળવીએ છીએ. શું એનું કારણ એ ન હોય કે આપણે એમની પાસેથી ઓછું જ માગીએ છીએ?

તો હવે તમારી જવાબદારી. તમને અઘરું કામ સોંપે તો ઝડપી લેજો. ન સોંપે તો સામેથી માગજો. બીજા લોકો કામ માટે બહાનાં કાઢે, છટકી જાય, ત્યારે તમે કામ તમારે માથે લો ને દિલના ઉત્સાહથી એ કરતા રહો. કામ કરવાનો, ભારે કામ કરવાનો, સતત કામ કરવાનો તમારો જન્મસિદ્ધ અધિકાર છે. એ અધિકાર કદી જતો કરશો નહીં.

*

## આજનો દિવસ

કેટલાક લોકો એવી પ્રતિજ્ઞા લે છે કે રોજ કોઈ એક સુકૃત્ય કરવું, જેથી એક શુભ કાર્યના પુણ્યથી આખો દિવસ સારો ગયો એમ કહી શકાય.

એ ભાવના સુંદર છે. સુકૃત્યો તો જરૂર કરીએ. પણ એકાદ સુકૃત્યથી નમાલા દિવસ ઉપર ઓપ ચડાવવાનો સવાલ નથી. આખો યે દિવસ પવિત્ર છે. એ કેવી રીતે? મંદિરના પથ્થરો પવિત્ર છે, એ રીતે. એ તો પથ્થર જ છે – પણ પોતાને સ્થાને છે, પોતાનું કામ કરી રહ્યા છે, પોતાનો પથ્થર-ધર્મ પાળે છે, એટલે પવિત્ર છે. અને દિવસ પણ પવિત્ર છે. એનાં બધાં કૃત્યો – ઊઠવાનું ને બેસવાનું, ઊંઘવાનું ને જાગવાનું, ઑફિસનું કામ ને મિત્રોની મુલાકાતો – બધાંનું સ્થાન છે, બધાંનું કામ છે, બધાંનો ધર્મ છે, અને તેથી એ બધાંનો બનેલો આખો દિવસ પવિત્ર છે. કોઈ વિશિષ્ટ કૃત્યની જરૂર નથી. દરેક કાર્ય જેવું હોવું જોઈએ તેવું હોય, એટલું જ જરૂરી

છે. ખાવાનું તો ખાવાનું, વાતચીત તો વાતચીત અને પ્રાર્થના તો પ્રાર્થના. દરેક પોતાના સમયે થાય, પોતાની રીતે થાય. એ રીતે સારો દિવસ થાય.

આજનો દિવસ એવો જીવીએ!

*

## આ મંદિરને શું થયું?

હું અમદાવાદમાં રહેવા આવ્યો, ત્યારે નેહરુપુલ તાજો બંધાયેલો હતો. ગર્વ સાથે હું એની ઉપર ચાલતો. એ પુરુષાર્થનું સ્મારક હતું.

નેહરુપુલને વીસ વર્ષ પણ પૂરાં થયાં નથી, ત્યાં સમાચાર આવ્યા : પુલ પર તિરાડો પડેલી જણાઈ છે, એના બાંધકામમાં રહી ગયેલી ખામીઓને કારણે હવે સુધારા કરવા પડશે. આ કરુણ સ્થિતિનું કારણ શું?

આજની જાહેર બાંધકામની કૃતિઓ તો આધુનિક ભારતનાં મંદિરો છે, એવું નેહરુજી કહેતા. તો આ મંદિરને શું થયું? શું આ આપણા છીછરાપણાનું, બેધ્યાનપણાનું પ્રદર્શન હશે?

અમદાવાદમાં નવો આધુનિક પુલ બંધાયો એના પર નેહરુજીનું નામ શોભતું હતું. પણ આજે હવે એ લાજે છે. હજી નેહરુપુલ પર ચાલું છું, સાઈકલ ચલાવું છું. પણ હવે હૃદયમાં ગૌરવ નથી, આનંદ નથી. પુલની બાજુમાં એનું નામ પોકારતી શિલા તરફ હવે હું જોતો નથી. હવે ફક્ત સામે કાંઠે બને તેમ જલદી પહોંચવાની ઇચ્છા રહે છે.

*

## ત્રીજો વિકલ્પ

તમે ફક્ત બે વિકલ્પ જુઓ છો : પૂરું નિયંત્રણ કે પૂરી છૂટ. કાં તો આજ્ઞાંકિતતા, કાં તો સ્વચ્છંદિતા. પણ ત્રીજો વિકલ્પ છે. આ મારો દીકરો મને અયોગ્ય લાગે એવું કંઈક કરવા બેઠો છે. હું બળજબરીથી એને ન રોકું. પરંતુ એમ ને એમ જવા પણ ન દઉં. મને એમાં કશું લાગેવળગે નહીં, એવો ભાસ ન થવા દઉં. જરૂર લાગેવળગે છે. એના દુખથી દુખ છે ને એના સુખથી સુખ છે; અને અત્યારે તે કરવા બેઠો છે એમાં દુખ જ છે. એટલે હું એને ધીરેથી કહું : 'જો દીકરા, તું મોટો છે, સ્વતંત્ર છે, એટલે તારા નિર્ણયો તારે લેવાના છે. જરૂર એમ કરજે. એમાં હું વચ્ચે નહીં આવું. પણ તને એ રસ્તે જતો જોઈને મને દુખ થાય છે. એમ ન માનતો કે હું તને રોકતો નથી, એટલે તું શું કરે છે એની મને પરવા નથી. પૂરેપૂરી છે. સાથે તારી સ્વતંત્રતા માટે પણ પૂરું માન છે. એટલે જરૂર તું ખરેખર ઇચ્છે તે પ્રમાણે કરજે.'

આજ્ઞાંકિતતા અને સ્વચ્છંદિતતાની વચ્ચે દોરવણી છે. બળથી કરાવવાનું ય નહીં, અને બેદરકારીથી કરવા દેવાનુંય નહીં. હાથ ઝાલવાનો ખરો, પણ ખેંચવાનો નહીં.

*

## શ્રેષ્ઠતા

શ્રેષ્ઠની ઉપાસના એ કલામાં ને વિજ્ઞાનમાં, ધર્મમાં ને જીવનમાં વિજય અપાવનાર મંત્ર છે. લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, તોયે હું સંપૂર્ણ નિષ્ઠાથી મારું કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય, તો યે હું સરખી રીતે વાંચીશ. ક્રિકેટ-મેચ ટ્રોફી માટેની હોય કે ખાલી 'મૈત્રી-રમત' હોય, તો યે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થૂળ વળતરની આશા નહીં, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરક બળ હશે.

પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવે છે. એ ચોખાના દાણા અખંડ, અક્ષત હોવા ઘટે. સો સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો 'ચાલશે' એમ માને તે સાચો પૂજારી નથી. આપણું જીવન એક યજ્ઞ છે. દિવસે દિવસે, દાણે દાણે, હૃદયમંદિરમાં બિરાજતા અંતર્યામીના ચરણની આગળ આપણું એક એક કાર્ય આપણે અર્પણ કરતા જઈએ છીએ. એવું એકેએક કાર્ય વિશુદ્ધ, અક્ષત રાખવાનો જેને દિલથી આગ્રહ હોય, તે સાચો જીવનપૂજારી છે.

*

## હે ભગવાન! શનિ-રવિ માટે આભાર

દરિયાના સુંદર ચિત્ર ઉપર સૂત્ર છાપેલું હતું : 'ભગવાન! શનિ-રવિ માટે આભાર.' સુંદર ચિત્ર હતું, અને એના પર સુંદર સૂત્ર હતું. સૂત્રમાં એવો ભાવ હતો કે જિંદગીમાં તો કંટાળો છે, વૈતરું છે, તો કંઈ નહીં તો અઠવાડિયાને અંતે એકાદ દિવસ આનંદનો મળે એની કદર છે. સૂત્ર સચોટ હતું. તોય એ વાંચતાં મારા મનમાં બીજો ભાવ ઊઠ્યો : શું શનિ-રવિ માટે આભાર, અને સોમ-મંગળ-બુધ-ગુરુ-શુક્ર માટે નહીં? અઠવાડિયામાં બે દિવસ સારા છે ને બીજા પાંચ ખરાબ? જીવન જીવવાનું છે તે ખાલી શનિ-રવિ માટે જ? અઠવાડિયાના સાતેય દિવસ માટે નહીં?

હું ભગવાનનો આભાર માનું છું તે આખી જિંદગી માટે અને એના બધા દિવસો માટે માનું છું. રજાઓનો આનંદ ગમે છે. પરંતુ આખી જિંદગી પણ ગમે છે અને કામના દિવસો પણ ગમે છે. માટે ચિત્ર ઉપરના સૂત્રમાં હું થોડો સુધારો કરી લઉં : 'ભગવાન! શનિ-રવિ માટે આભાર – અને સોમ-મંગળ-બુધ-ગુરુ-શુક્ર માટે પણ!'

*

*પંદર વર્ષની વયે ગૃહત્યાગ કરીને ફાધર વાલેસ સંન્યાસ-સંઘમાં જોડાયા હતા. એ ભારત આવ્યા ત્યારે ગુજરાતીઓ તો શું, અંગ્રેજી પણ જાણતા નહોતા. મદ્રાસ યુનિવર્સિટામાંથી તેમણે ગણિતની ડિગ્રી લીધી, અને પછી અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિત ભણાવવા લાગ્યા. સ્પેનમાં જન્મેલા ફાધર વાલેસે એક કરતાં વધારે ગુજરાતી પેઢીઓના વ્યક્તિઘડતરમાં યોગદાન આપ્યું. લાગલાગટ પચાસ વર્ષ એ ભારતમાં રહ્યા, તેમાંથી ચાલીસ તો માત્ર અમદાવાદમાં. ફાધર ગુજરાત આવ્યા અને સવાયા ગુજરાતી બની ગયા. ફાધર કહે છે : 'ગુજરાત તો મારું ઘર છે, મારું વતન છે. કેટલો પ્રેમ, કેટલી આત્મીયતા! અહીંની ધૂળ મને ગમે છે, અહીંના પત્થરો મને ગમે છે. જિંદગીભરના ઉત્તમ મિત્રો મને અહીં મળ્યા છે. મારા વિચારો ગુજરાતીમાં ચાલે. અરે, પ્રભુ-પ્રાર્થના અને ભગવાન સાથે સંવાદ પણ ગુજરાતીમાં જ થાય. હું સ્પેન પાછો ગયો ત્યારે સ્પેનિશ ભાષા લગભગ ભૂલી ગયો હતો!'*

શિશિર રામાવત

⁂

# વિનોબા ભાવેની વિચારયાત્રા

## ગાંધી પણ એવા ને એવા નહીં ચાલે

ઘનશ્યામદાસ બિરલાએ બાપુનાં સ્મરણોની ચોપડી લખી છે. તેમાં એમણે એક પ્રસંગ ટાંક્યો છે. ઘણાં કામો વચ્ચેથી પણ વખત કાઢીને બાપુએ પૂછેલું કે ફલાણું ફંડ સરખી બૅન્કમાં રાખ્યું છે ને? અને એનું સરખું વ્યાજ મળે છે ને?... એ પ્રસંગ ટાંકીને બિરલાજી લખે છે : બાપુ ચતુર વાણિયા હતા.

પરંતુ હું બહુ નમ્રતાપૂર્વક કહેવા માગું છું કે ફંડ એકઠું કરવું, એને વ્યાજે મૂકીને વધારવું, એ બધી હવે જૂનીપુરાણી વાતો થઈ ગઈ છે. આજે તો એવું સૂઝવું જોઈએ કે વ્યાજ ન લેતાં ઊલટું આપવું જોઈએ. જેણે આપણો પૈસા લીધો તેણે જો એનો બરાબર ઉપયોગ કર્યો હોય તો પાછો લેતી વખતે તેને ઊલટી કસર કાપી આપવી જોઈએ.

માર્ક્સને કેટલીયે વાતો નહોતી સૂઝી, કેમ કે આજે જે વિજ્ઞાન વિકસ્યુ ંછે તે એણે ભાળ્યું નહોતું. એને જો આ વિજ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ હોત, તો એના વિચારો બદલત. આજે વિજ્ઞાનયુગમાં માર્ક્સ નહીં ચાલે, તેમ પુરાણા કાળનો મનુ પણ આજે નકામો નીવડશે. અને ગેરસમજ ન કરો તો હું નમ્રતાપૂર્વક કહેવા માગું છું કે ગાંધી પણ આજે એવો ને એવો નહીં ચાલે.

*

## સરકારનું એ ગજું નથી

આપણને કંઈક એવો ખ્યાલ હોય કે અત્યારે જે લોકોના હાથમાં સત્તા છે તેને બદલે તે આપણા હાથમાં આવે તો આપણે વધારે કામ કરી શકીએ, તો એ ખ્યાલ ભૂલભરેલો છે. એનું કારણ એ છે કે સરકાર તો આમજનતાનું પ્રતિબિંબ હોય છે. એને જ લોકશાહી કહે છે. લોકો બૂરી વસ્તુ પસંદ કરશે, તો લોકશાહી સરકાર પણ બૂરી વસ્તુ પસંદ કરશે. વધુમતી લોકોને દારૂ પીવો હશે, તો સરકાર દારૂબંધી નહીં કરી શકે.

આથી જે લોકો નવો સમાજ રચવા માગે છે તેમને સત્તાનું ક્ષેત્ર છોડીને કામ કરવું પડે છે. બુદ્ધ ભગવાન સમાજમાં ક્રાંતિ કરાવવા માગતા હતા, એટલે તો એમને પોતાના હાથમાં હતું તે રાજ્ય પણ છોડવું પડેલું. બુદ્ધે ક્રાંતિ કરી, ઈશુએ ક્રાંતિ કરી, ગાંધીજીએ ક્રાંતિ કરી, પરંતુ એ સૌએ ઉપાસના કરી નૈતિક શક્તિની. નૈતિક શક્તિ નિર્માણ કરવાનું સરકારનું ગજું હોતું નથી.

*

## આવાં છમકલાંથી શું વળશે?

ભારતમાં જો લોહિયાળ ક્રાંતિથી કામ થતું હોત, તો હું તેને આશીર્વાદ આપત. કારણ કે આજની હાલત કરતાં લોહિયાળ ક્રાંતિને હું બહેતર માનું છું. પરંતુ લોહિયાળ ક્રાંતિને નામે છૂટાંછવાયાં છમકલાં કરવાં એ મૂર્ખાઈ સિવાય બીજું કશું નથી.

હા, રાંચી જેવા શહેરમાં રમખાણો થાય અને ચાર લાખની વસ્તીમાંથી બે લાખ કપાઈ જાય, તો પછી બાકી રહેલા બે લાખની વચ્ચે જ જમીન, મકાન વગેરેની વહેંચણી થાય તે તો જાણે બરાબર. પણ હમણાં લખનઉમાં હુલ્લડ થયાં, તો તેમાં માંડ દસ-પંદર માણસ મરાયાં. આવી જાતનાં રમખાણથી શો લાભ થાય? હા, જબરદસ્ત આંતરયુદ્ધ થાય ને લોકો જાન પર આવીને લડે, બિહારના પાંચ કરોડમાંથી અઢી કરોડ કપાઈ મરે, તો તો સારી વાત ગણાય. તો તો પછી બચેલા લોકોને ભાગે બમણી જમીન, બમણાં મકાન આવશે. પણ આ લોકો તો શું કરે છે? બસ, બેચારને જ મારે છે! અને મોટરગાડી, રેલગાડી વગેરેને આગ લગાડે છે. એટલે કે સંપત્તિનો નાશ કરે છે.

*

## – તો મગજ ચોખ્ખાં થશે

જેના વિના સમાજને ચાલે નહીં, એવા સારાં સારાં કામ કરનારને આપણે નીચા ગણીએ છીએ. કારીગરોને આપણે નીચા ગણ્યા, મજૂરોને હલકા ગણ્યા, ખેડૂતોને નીચા માન્યા. અને જે મહેનત નથી કરતા તેને આપણે ઊંચા માન્યા. આ જ કારણથી હિંદુસ્તાન નીચે પડ્યું છે.

કબીર વણકર થઈને વણતા હતા, તે વખતે વણકરોનો જે મોભો હતો તે આજે ક્યાં છે? રોહિદાસ ચમારનું કામ કરતા, તે વખતે ચમારની જે પ્રતિષ્ઠા હતી તે આજે ક્યાં છે? કૃષ્ણ ભગવાન ખેતરમાં મજૂરી કરતા ને ગાયો ચારતા, ત્યારે ખેડૂત અને ગોવાળનું જે સ્થાન હતું તે આજે ક્યાં છે?

આપણામાંનો એકેએક માણસ કોઈ પણ પ્રકારની મજૂરી કરવા માંડે તો આપણાં મગજ ચોખ્ખાં થશે. રોજના કલાકો સુધી મેં મજૂરીનું કામ કરેલું છે, અને તેથી મારી વિચાર કરવાની શક્તિ વધી છે. મેં મજૂરીનું કામ ન કર્યું હોત અને ખાલી વિચારો જ કર્યા હોત, તો આજે જેવા સ્પષ્ટ વિચારો હું કરી શકું છું તે ન કરી શકત.

*

## અ-પરિચય

આપણે અમુક લોકો સાથે નિરંતર રહેવું પડે છે. તો એ લોકોને વિશે અમુક

અભિપ્રાય બંધાય છે. પણ આ રીતે કોઈ વ્યક્તિને માપવી ન જોઈએ. દરેક વ્યક્તિ પ્રત્યે આપણું આદરયુક્ત અળગાપણું હોવું જોઈએ; એક જાતનો અ-પરિચય હોવો જોઈએ. આસમાનમાં ચમકતી તારિકાઓ એટલી બધી પ્રજ્વલિત છે કે સૂર્ય તો એમની આગળ એક નાનકડા બિંદુ સમાન છે. છતાં આપણી આંખો ઉપર એ તારિકાઓની સૌમ્ય અસર થાય છે. આનું કારણ એ છે કે તે તારિકાઓ આપણાથી અત્યંત દૂર છે. એ જ રીતે પરસ્પરનો પ્રેમ જાળવી રાખવા માટે, નિકટ રહેવા છતાં એક જાતનું અળગાપણું કાયમ રાખવું જોઈએ.

*

## ગેરસમજ

આપણે જો કોઈની નિંદા સાંભળીએ, તો એમ સમજવું કે કાંઈક ગેરસમજ થઈ છે. સગા કાનનો યે ભરોસો ન કરવો. કહેવા-સાંભળવામાં કેટલીય ભૂલો થઈ જતી હોય છે. એક જણ એક ભાવનાથી બોલે છે, ને બીજો અન્ય ભાવનાથી સાંભળે છે. એટલે જ્યારે ગેરસમજ થાય ત્યારે પોતાના માનસિક તર્કનો અવિશ્વાસ કરવો જોઈએ, અને સામી વ્યક્તિ તેનો જે અર્થ કરે તેને જ ખરો માનવો જોઈએ. વળી, માણસ પોતાના દોષ કહેવા માંડે ત્યારે સાંભળવા, કારણ કે તેથી દોષ ધોવાય છે; પણ તેથી એમ ન માનવું કે એ કહે છે તેવા દોષ તેનામાં છે જ.

*

## નાની-નાની વાતો

નાની-નાની વાતોમાં પોતાની વાતનો આગ્રહ ન રાખવો. હા, જ્યાં ન્યાય કે સત્યની વિરુદ્ધ કાંઈ થતું હોય ત્યાં તેનો જરૂર વિરોધ કરવો. બાકી, સામાન્ય વાતોમાં આપણો આગ્રહ ન રાખવો. જે માણસ વારંવાર પૈસા ખરચ્યા કરે છે, તેની બધી પૂંજી ઝટ ખલાસ થઈ જાય છે. તો આગ્રહશક્તિ પણ માણસની પૂંજી છે; તેને નાની નાની બાબતોમાં ખર્ચી નાખવાની નથી. તેને તો મોટા કામ માટે, ક્યારેક સત્યાગ્રહ કરવો પડે તે માટે, સાચવી રાખવાની છે. એટલે સામાજિક કામ કરનારાઓએ પોતાના મત માટે નિરાગ્રહની વૃત્તિ ખાસ કેળવવી જોઈએ.

*

## ન વ્યક્તિ માટે, ન સંસ્થા માટે

એક એવી માન્યતા રૂઢ થઈ ગઈ છે કે આપણે પોતાને માટે પરિગ્રહ ન કરીએ, પણ સંસ્થા માટે કરી શકીએ. આવો વિચારદોષ ઘણી બાબતમાં જોવા મળે છે. જેમ કે એક વ્યક્તિ માટે હિંસા કરવી ઉચિત નથી એમ લોકો માનશે, પરંતુ સમાજ માટે

ને રાષ્ટ્ર માટે હિંસા કરવામાં પાપ નહીં માને.

એક દાખલો આપું. હું જોતો કે ચરખા સંઘના પૈસા બૅન્કમાં પડ્યા રહેતા, જેનું વ્યાજ તેને મળતું. હવે, વિચાર કરીએ કે આ વ્યાજ ક્યાંથી મળે છે? આપણા મૂકેલા પૈસા બૅન્ક બીજા ધંધાદારીઓને આપે છે, એમની પાસેથી વ્યાજ લે છે, અને પછી એમાંથી આપણને થોડુંક આપે છે. એટલે એ બધા વેપાર-ધંધામાં આપણા પૈસા રોકાય છે. એ બધા ધંધા આપણી સંસ્થાના ઉદ્દેશને અનુરૂપ જ હોય, એવું ન પણ બને. કદાચ આપણાથી સાવ વિરુદ્ધના ઉદ્દેશ માટે એ વેપાર-ધંધા ચાલતા હોય. આ એક પ્રકારનો ધનલોભ જ છે, જે આપણી સંસ્થાના ઉદ્દેશથી વિપરીત કામમાં સીધી કે આડકતરી રીતે આપણને સામેલ કરે છે. તેથી પરિગ્રહ સંસ્થાને નામે થતો હોય તો પણ એ ખોટો છે, અને તેમાંથી બચવું જોઈએ.

*

## સંસારમાં કેમ રહેવું?

શ્રીરામકૃષ્ણ પરમહંસને એકવાર ભક્તજને પૂછ્યું, ‘ઠાકુર, સંસારમાં અમારે કેવી રીતે રહેવું?’ ઠાકુર બોલ્યા :

‘બધાં કામ કરવાં, પણ મન ઈશ્વરમાં રાખવું. સ્ત્રી, પુત્ર, મા, બાપ એ બધાંની સાથે રહેવું અને સેવા કરવી – જાણે કે એ પોતાનાં જ માણસ હોય. પણ મનથી સમજવું કે એમાંથી કોઈ આપણું નથી. મોટા માણસના ઘરની કામવાળી બધું કામ કરે, પણ એનું મન પરોવાયું હોય પોતાને ઘેર. શેઠનાં છોકરાંને તે પોતાના છોકરાંની માફક મોટાં કરે, બોલે કે ‘મારો રામ’, ‘મારો હરિ’; પણ મનમાં સારી રીતે સમજે કે, એમાંથી આપણું કોઈ નથી. સંસારનું બધું કામ કરવું, પણ મન ઈશ્વરમાં પરોવી રાખવું.

*

## ના કહેવાની શક્તિ

એક માણસને રાક્ષસ ઉપાડી ગયો. પછી તેની પાસે ખૂબ કામ કરાવે. જરા ચૂં કે ચાં કરે કે રાક્ષસ ધમકી આપે કે, તને ખાઈ જઈશ! આખરે પેલા માણસે વિચાર્યું કે આવું તો ક્યાં સુધી ચાલે? એટલે એક દિવસ એણે કહી પાડ્યું કે, જા, કામ નથી કરતો; તારે મને ખાવો હોય તો ખાઈ જા! પણ રાક્ષસે કાંઈ એને ખાધો નહીં. કેમ કે એક વાર એને ખાઈ જાય તો પછી રાક્ષસનું કામ કોણ કરે? એટલે પછી માણસમાં વધુ હિંમત આવવા માંડી. એણે કહ્યું કે, વગર મજૂરીએ કામ નહીં કરું. તો રાક્ષસ મજૂરી આપવા લાગ્યો.

બાળકોને આવી નિર્ભયતા શીખવવી જોઈએ. તેને બદલે આજે તો માબાપ

માર મારીને ધાક બેસાડવા પ્રયત્ન કરે છે. તેનાથી છોકરાં ડરપોક બને છે. હજારો માબાપ માર મારીને છોકરાંને ડરપોક બનાવે છે. પછી જુલ્મી લોકો આ ડરપોકપણાનો લાભ ઉઠાવે છે. આમ જુલ્મી લોકોનું રાજ ચાલે છે તેની બધી જવાબદારી બાળકોને મારનારાં માબાપોની છે.

*

## એક કલાક અધ્યયન માટે

ઉત્તમ કામમાં લાગેલા આપણા સેવકો પણ અધ્યયન ઓછું કરે છે. પણ કામ કરવાની સાથોસાથ વાંચવાની, ચિંતન કરવાની ટેવ રાખવી જોઈએ. જેટલું આપણું અધ્યયન ચાલશે, તેટલું ઊંડાણ આપણા કામમાં આવશે. અનેક વિષયોનું અધ્યયન આપણે કરવાનું છે. વળી અધ્યયનમાં જેમ અનેક ગ્રંથો વાંચવાની વાત છે, તેમ એક જ ગ્રંથ અનેક વાર વાંચવાની વાત પણ આવે છે. જે ગ્રંથમાંથી જીવનને પોષણ મળતું હોય, તે ફરીફરીને વાંચીને કસી લેવાનો છે.

જેમ અન્ન વિના દેહ ટકતો નથી, તેમ જ્ઞાન વિના દેહ પુષ્ટ થતો નથી. આપણે જેમ ખાધા વિના રહેતા નથી, તેમ આધ્યાત્મિક અન્ન-સેવન વગર આપણો એક પણ દિવસ ન જવો જોઈએ. દરરોજ એક કલાક અધ્યયન માટે અલગ કાઢીએ, અને ત્યારે બધાં કામથી અળગા થઈને જાતને અધ્યયનમાં પરોવી દઈએ. ત્યારે કામ-બામ કાંઈ નહીં. બસ – અધ્યયન, મનન, ચિંતન.

*

## હરતી-ફરતી વિદ્યાપીઠો

આપણા દેશની વિદ્યાપીઠો તો હરતી-ફરતી વિદ્યાપીઠો હતી. કબીર, નામદેવ, તુલસીદાસ, ચૈતન્ય વગેરેના અસંખ્ય ભક્તો ગામેગામ ફરતા અને, વેપારીઓ જેમ પોતાનો માલ લોકોને પહોંચાડે છે તેમ, તેઓ ‘ઉપનિષદ’ વગેરે બ્રહ્મવિદ્યા લોકોના કાન સુધી પહોંચાડતા. માલ બનાવવાનું કામ ‘વેદો’થી માંડીને રવીન્દ્રનાથ સુધી થયું. એટલો બધો માલ બની ગયો છે કે તેના ઢગલેઢગલા પડ્યા છે અને તે ખપતો નથી. તો આપણું કામ ગામેગામ જઈ આ જ્ઞાન ખપાવવાનું છે. બુદ્ધ-ઈશુથી ગુરુદેવ-વિવેકાનંદ જેવા સંતોએ જથ્થાબંધ બનાવેલો માલ લઈને હું ગામેગામ જઈ તેનું છૂટક વેચાણ કરું છું.

*

## પ્રાર્થનામાં વિવેક

ઊંઘથી શરીરને આરામ અને ઉત્સાહ મળે છે, એવી રીતે પ્રાર્થનાથી મનને

આરામ અને ઉત્સાહ મળે છે. ભોજનથી શરીરનું પોષણ થાય છે, પ્રાર્થનાથી મનનું પોષણ થાય છે. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે, તો મનની શુદ્ધિ પ્રાર્થનાથી થાય છે. સ્નાન, ભોજન અને નિંદ્રા એ ત્રણેયની ખૂબીઓ પ્રાર્થનામાં છે. પ્રાર્થના પોપટપાઠ જેવી ન બનવી જોઈએ. જે પ્રાર્થના બોલાય તેનું અર્થ-ચિંતન પણ ચાલતું રહેવું જોઈએ. તેનો જીવનમાં અમલ કરવાની કોશિશ પણ સતત ચાલતી રહેવી જોઈએ.

આપણે જે ભજનો ગાતા હોઈએ તેના અર્થની યે બારીક પરીક્ષા થવી જોઈએ. ભલે ને એ ભજનો કોઈ સંત પુરુષનાં હોય, છતાં વિવેકપૂર્વક પંસદગી કરવાનું કામ આપણું છે. વૈરાગ્યની ખોટી વ્યાખ્યા, પરમાર્થનો ખોટો અર્થ, દુર્બળ નિષ્ક્રિયતા વગેરે કેટલીય ખોટી બાબતો આપણા લોકોમાં રૂઢ થઈ ગઈ છે. તે બધીનું સંશોધન થાય એ જરૂરી છે.

*

## મેરી પ્રતિજ્ઞા

ન મૈં કોઈ વાદી હૂં, ન કિસી સંસ્થા કા સદસ્ય. મેરે પાસ અપના કોઈ મત નહીં હૈ; કેવલ વિચાર ઔર પ્રેમ હૈં. સજ્જનો કે સાથ વિચારપરામર્શ હોતા હૈ, ઔર અપને વિચાર હમ બદલ સકતે હૈં. વિચાર પટા કર કોઈ ભી મુઝે અપના ગુલામ બના લે. મૈં કિસી કા ભી વિચાર સમઝને કે લિયે સતત તૈયાર હૂં. લેકિન બિના વિચાર સમઝાયે મુઝ પર કિસીકી સત્તા નહીં ચલનેવાલી હૈં. વિચાર કે સિવા દૂસરી કોઈ શક્તિ ઇસ્તેમાલ નહીં કરની હૈ, યહ મેરી પ્રતિજ્ઞા હૈ.

*

## ચિંતન કા અભાવ

હિંદુસ્તાન મેં હમ જહાં જાતે હૈં, સ્વતંત્ર બુદ્ધિ દેખતે હી નહીં. હર જગહ બુદ્ધિ બંટી હુઈ હૈ. કોઈ કૉંગ્રેસ પાર્ટીવાલા હૈ, તો ઉસ કા એક પ્રકાર કા દિમાગ હૈ. કોઈ સમાજવાદી પક્ષવાલા હૈ, તો ઉસકા દૂસરા પ્રકાર કા દિમાગ હૈ. ઐસે તીન-ચાર પ્રકાર કે દિમાગ બને હૈં. ઇનકે અલાવા એક પાંચવે પ્રકાર કી બુદ્ધિ હૈ – આપસઆપસ મેં ઝઘડા કરને કી બુદ્ધિ, જો હર પક્ષ મેં હૈ. સ્વતંત્ર ચિંતન કા અભાવ હી અભાવ દીખતા હૈ.

ઇન દિનોં વિદ્યાર્થિયોં કે બારે મેં યહ શિકાયત હૈ કિ ઉન મેં શિસ્ત નહીં હૈ. પરંતુ શિસ્ત ઇસલિયે નહીં હૈ ક્યોં કિ ગુરુભાવ નહીં હૈ. ઔર ગુરુભાવ ઇસલિયે નહીં હૈ ક્યોંકિ આજ ગુરુ હી નહીં હૈ – સિર્ફ શિક્ષણ દેનેવાલે નોકર હૈ.

જો અપની સ્વતંત્ર બુદ્ધિ સે પઢાતા હૈ, વહી ગુરુ હૈ. આજ કે શિક્ષકો મેં ક્યા કોઈ સ્વતંત્ર બુદ્ધિ હૈ? કભી શિક્ષકોં સે હમારી મુલાકાત હોતી હૈ, તો જ્ઞાનવિષયક,

શિક્ષણવિષયક કોઈ પ્રશ્ન નહીં પૂછતે; બલકી યહી કહતે હૈં કિ, હમારી તનીખ્વાહ કમ હૈ, વહ કૈસે બઢેગી? તાલીમ મેં ક્યા હોના ચાહિયે, ક્યા નહિ હોના ચાહિયે – ઇસ બારે મેં કિસી કી કોઈ શિકાયત હી નહીં હૈ! ઇસ તરહ કુલ દેશ જ્ઞાનવિહીન બન ગયા હૈ.

*

## વહ સતી નહીં હૈ

લોગ બીડી પીતે હૈં. મુંહ સે ધુઆં નિકાલતે હૈં. પરમેશ્વર કી ક્રીપા હૈ કિ બહને અભી બીડી નહીં પીતી. લેકિન અપને ઘર કે પુરુષ બીડી ન પીયેં, ઉતની શક્તિ બહનોં મેં હોની ચાહિયે. બહનોં કો અપને આદમી કો સંભાલના ચાહિયે કિ, 'ખબરદાર, તુમ બીડી પીઓગે, તો રસોઈ નહીં બનાઉંગી; ન મૈં ખાઉંગી, ઔર ન તુમકો ખિલાઉંગી.' ઐસી તેજસ્વી સ્ત્રીયાં પૈદા હોગી, તબ દેશ આગે બઢેગા!

સામાન્યતઃ બહને સમઝતી હૈં કિ પતિ કૈસા ભી હો, હમારા ધર્મ હૈ કિ ઉનકે પીછે-પીછે ચલેં. પુરુષ પરાક્રમ કા કામ કરેં, તો સ્ત્રીયોં કા કર્તવ્ય હૈ કિ પુરુષ કે સાથ-સાથ જાયેં. લેકિન પુરુષ બૂરા કામ કરેં તો ભી વહ ચુપ બૈઠી રહેં, યહ ધર્મ નહીં હૈ. માં, પત્ની ઔર બહન મેં બહુત શક્તિ હૈં. સબ શક્તિ કા ઉપયોગ પુરુષ કો બચાને કે લિયે કરના ચાહિયે. લેકિન બહનેં સહન કરતી હૈં. પુરુષ કિતના ભી બૂરા કામ કરેગા, તો વહ નિભા લેંગી. લેકિન જો સ્ત્રી પતિ કો કાબૂ મેં નહીં રખતી, વહ સ્ત્રી સતી નહીં હૈ.

*

*કોઈ નિશ્ચય કર્યો, તો તે જ ક્ષણથી તેનો અમલ કરવો, એ વિનોબાનો પ્રથમ પંક્તિનો ગુણ છે. એમનો બીજો ગુણ નિરંતર વિકાસશીલતા. આપણામાં ભાગ્યે જ કોઈ એવો હશે કે જે કહી શકે કે, હું પ્રતિક્ષણ વિકાસ કરી રહ્યો છું. ગાંધીજી સિવાય બીજા કોઈમાં એ ગુણ મેં જોયો હોય તો તે વિનોબામાં. બાપુના ઘણા મોટા અનુયાયીઓ એવા છે કે જેમનો જનતા પર બહુ મોટો પ્રભાવ પડે છે. પણ વિનોબાએ જેટલા સાચા સેવક તૈયાર કર્યા છે એટલા બાપુના કોઈક જ અનુયાયીએ તૈયાર કર્યા હશે. એમનાં વિચાર, વાણી અને આચારમાં જેવો એકરાગ છે, એવો બહુ થોડા કાર્યકર્તાઓમાં હશે. આવા અનુયાયીથી ગાંધીજીની પણ શોભા છે.*

મહાદેવ દેસાઈ

*

## એ માટે મથવું પડે છે!

માણસો પોતાના જ શરીર સાથે નિર્દયતાપૂર્વક વર્તે છે. વર્ષો સુધી શરીર અપમાનિત થતું રહે છે. ખાટલામાં પડેલું જુવાન શરીર એ તો અપમાનો અસહ્ય બની ગયા પછી શરીર દ્વારા શરૂ થયેલો સવિનય કાનૂનભંગ છે. હૃદયરોગનો હુમલો કાંઈ મફતમાં નથી મળતો; એ માટે વરસો સુધી મથવું પડે છે; ગમે તે સમયે ગમે તેવું ને ગમે તેટલું ખાવું પડે છે. અંગ્રેજ લેખક સેમ્યુઅલ બટલરે એક એવા આદર્શ સમાજની કલ્પના કરેલી જેમાં માંદા પડનાર માણસને કેદની સજા થાય. એક જમાનામાં ચીનના લોકો ગામમાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરતા.

*

## માઈક પરનો ત્રાસવાદ

એક સભામાં બોલવાનું હતું. સમયસર સભાના સ્થળે પહોંચ્યા પછી અડધો કલાક વીતી ગયો, ત્યારે અન્ય વક્તાઓ આવ્યા. આટલું મોડું થયું તોય પ્રાર્થના પચીસ મિનિટ ચાલી. ગમે તેટલું મોડું થયું હોય તોય સભાના આયોજકોને કોઈ જ ઉચાટ નથી હોતો. સામે બેઠેલાઓની દયા ખાધા વગર માઈક્રોફોન પરથી ત્રાસવાદ વહેતો જ રહે છે. આજનો માણસ ત્રણત્રણ કલાકની સભાઓ શા માટે વેઠે? લાંબાલચક કાર્યક્રમમાં એક વાર ફસાઈ ગયેલો ભોળો શ્રોતા બીજી વાર સભામાં જવાનું સાહસ કરતો નથી. આમ દિવસેદિવસે સુજ્ઞ શ્રોતાઓની સંખ્યા સંકોચાતી જાય છે. યુવાનોએ તો સભામાં હાજર રહેવાના વ્યસનને ક્યારની તિલાંજલિ આપી દીધી છે. કોઈ ઉપાય ખરો?

ક્રિકેટમાં જેમ ‘વન-ડે મેચ’નો પ્રારંભ થયો છે, તેમ ‘એક કલાકની સભા’ શરૂ થાય તે ખૂબ જરૂરી છે. ‘સાઠ મિનિટીય સભા’ઓની ફેશન શરૂ થવી જોઈએ. એક સારી સભાનું આયોજન કરવું, એ પણ એક કળા છે. [વક્તાઓ] બોલતી વખતે શ્રોતાઓના ચહેરા પર લીંપાયેલો અણગમો, થાક અને કંટાળો વાંચી શકે તોય નિર્દયપણે બોલ્યે રાખે છે. ક્યારેક શ્રોતાઓને બિલકુલ ન સમજાય તેવી ભાષામાં બોલીને તેઓ વિદ્વાનમાં ખપવા ધારે છે. તેઓને સહન કરનારાઓની સંખ્યા હવે ઝડપથી ઘટી રહી છે. સાવધાન! વીસ મિનિટનો સમય આપવામાં આવ્યો હોય તોય 45-50 મિનિટ ખેંચી કાઢનાર વક્તાને કોઈ જ ટોકતું નથી.

આ ત્રાસવાદ સામે શ્રોતાઓ સવિનય અસહકાર શી રીતે કરી શકે? નિયત સમયે સભા શરૂ ન થાય તો પાંચ મિનિટ રાહ જોઈને સભાસ્થળ છોડીને ચાલ્યા જવાનું પગલું યોગ્ય છે. ગમે તેવા વક્તાને અને ગમે તેવા રેઢિયાળ આયોજનને સહન ન કરનાર સુજ્ઞ શ્રોતાઓ વંદનીય છે.

*

## જીવવાનો વહેમ

જીવનમાં એક પછી એક, એમ વરસો ઉમેરાતાં જાય છે; વરસોમાં જીવન ઉમેરવાની કળા હજી આવડી નથી. જીવનમાં ઘણી આદતો પડી જાય છે, એમ જીવવાની પણ એક આદત પડી ગઈ છે. માણસ જન્મે, મોટો થાય, પરણે, સંતાનો થાય. નોકરી કરતો કરતો ઘરડો થાય અને રિટાયર થઈ મરે. આ બધું જાણે ટેવને આધારે જ થયા કરે છે.

જીવનમાં પ્રત્યેક ક્ષણને ભરપેટ માણવાને બદલે આપણે વાયદા પાડતા રહીએ છીએ. જીવન માણવાની વાત આવે ત્યારે, 'ઘર બંધાઈ જાય પછી... વાહન આવી જાય પછી... બદલી થઈ જાય પછી... દેવું પતી જાય પછી.' ...આમ 'પછી'–'પછી'માં પુરાઈ મરતી વાક્યાવલિઓ જ આપણા મોંમાંથી નીકળતી રહે છે. જીવનને આપણે વાયદાના વેપાર જેવું બનાવી મૂક્યું છે. અહીં અને અત્યારે જેવું જિંદગીમાં કશું રહેવા દીધું નથી. દરરોજ સવારે છાપું આવે છે, દૂધ આવે છે, બપોરે ઑફિસે જઈએ છીએ, રાત્રે પિક્ચર જોવા જઈએ છીએ... તેથી, આપણે જીવીએ છીએ એવો વહેમ રોજ પાકો થતો જાય છે.

*

## એક ષડયંત્ર

આપણા ઘરની નિયમિત મુલાકાત ત્રણ જણા લેતા હોય છે : એક છાપાંવાળો, બીજો દૂધવાળો અને ત્રીજો ટપાલી. આ ત્રણ મૂક સેવકોને આપણે ક્યારેય બે સારા શબ્દોથી આવકારીએ છીએ ખરા? એ લોકો આપણે બારણે આવે ત્યારે પાણીનો ભાવ પણ પૂછીએ છીએ ખરા?

ઘરમાં કામ કરતી કામવાળી એ કેઝ્યુઅલ લીવ, સીક લીવ, હાઉસ રેન્ટ, મોંઘવારી અને પ્રોવીડન્ટ ફંડથી પર છે. એના અસ્તિત્વનો સ્વીકાર એની ઓચિંતી ગેરહાજરી વખતે જ થાય છે. ઓછામાં ઓછા પૈસે વધારેમાં વધારે કામ કરાવવાનું એક ષડ્યંત્ર ગોઠવાઈ જાય છે. રોજબરોજ આપણા સંપર્કમાં આવતા અને આપણું જ કામ કરતાં માણસો સાથે આપણે શરીરથી નખ વેગળા રહે એવું વર્તન રાખીએ છીએ.

*

## પારકી છઠ્ઠીનો જાગતલ

જટાયુ મારું 'રામાયણ'નું સૌથી પ્રિય પાત્ર છે. રામ કરતાં પણ વધારે પ્રિય પાત્ર જટાયુ છે મારું. અત્યારે આપણે જે સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યા છીએ એનો ઉકેલ માત્ર જટાયુ પાસે છે. આ જટાયુ કોણ છે? પારકી છઠ્ઠીનો જાગતલ. સીતાના અપહરણ વખતે જટાયુ જ્યારે પોતાનું બલિદાન આપવા તૈયાર થયો, ત્યારે ગીધોના સમાજમાં જે વ્યવહારુ લોકો હતા એમણે કહ્યું હશે કે, 'જટાયુ, એમાં તારો પત્તો નહીં લાગે. રાવણ ક્યાં અને તું ક્યાં? જરા વિચાર કર.' તો જટાયુએ વડીલોને જવાબ આપ્યો હશે : 'મારા જીવતાં રાવણ સીતાનું અપહરણ કરી શકે નહીં. મારા જીવતાં ન થઈ શકે.' અને જટાયુ લડ્યો.

ગાંધીજીના ગયા પછી આ સમાજની જટાયુવૃત્તિ ખતમ થતી ગઈ છે. આ સમાજનું એક ધ્રુવવાક્ય છે કે, આપણે એમાં શું કરી શકીએ? ગાંધીજી ચંપારણ ગયા. ચંપારણમાં એમ કહી શક્યા હોત કે, આપણે હવે શું કરી શકીએ? બારડોલી ગયા ત્યારે બોલી શક્યા હોત કે, ખેડૂતના મહેસૂલનો પ્રશ્ન છે, એમાં આપણે ક્યાં પડીએ? તો 'આપણે એમાં શું કરી શકીએ?' એમ બોલતાં બોલતાં જ ગાંધીજી વિદાય થયા હોત. આ નિર્વીર્ય સમાજ હતો તદ્દન. એની પાસેથી ગાંધીએ જે રીતે કામ લીધું, એમાં જટાયુ જીવતો થયો.

*

## સાધુને કોણ બગાડે છે?

આજકાલ સાધુઓનાં કૌભાંડો બહાર આવવા લાગ્યાં છે. લોકોને આંચકો લાગે છે. પણ વાસ્તવિકતા એ છે કે લોકો જ સાધુને બગાડે છે. વેપારીઓ સાધુને લોભદીક્ષા આપે છે. અંધશ્રદ્ધાળુ સ્ત્રીઓ મોહદીક્ષા આપે છે. મંડપની ભીડ એમને અહંકારદીક્ષા આપે છે. લોભ, મોહ અને અહંકારથી ઘેરાયેલા મહારાજશ્રી આત્મા-પરમાત્માની વાતો કરે છે ત્યારે શ્રોતાઓ ડોલી ઊઠે છે.

મારા તાબામાં રહેલી સઘળી નિખાલસતા નિચોવીને મારે કહેવું છે : હે હિન્દુઓ! ઊઠો, જાગો અને સંતોને બગાડવાનું બંધ કરો. કોઈ પણ માણસને સંત કહેતાં પહેલાં એનું બૅન્ક-બેલેન્સ તપાસી લો. કહેવાતા સંતો બહારથી અલિપ્ત હોય છે, પરંતુ અંદરથી સવાયા સંસારી થઈને પ્રજાને પૈસે લહેર કરતા રહે છે. વાતો ત્યાગની અને ખાનગીમાં ભોગની બોલબાલા. નવી સદી વાસી ધર્મનું નવસંસ્કરણ માગે છે. બોગસ યજ્ઞો બંધ કરવા પડશે. દેવદાસી પ્રથાના કલંકને દૂર કરવું પડશે. આશ્રમો અને મંદિરોનો ભૌતિક કચરો, માનસિક કચરો અને આર્થિક કચરો સાફ કરવો પડશે. ચરણસ્પર્શ અને ચરણ ધોઈને પાણી પીવામાં ધર્મ છે, એમ માનનારી

નિર્માલ્ય પ્રજાને કેશવાનંદ ન મળે તો શું વિવેકાનંદ મળે? માંજી માંજીને વાસણ ચકચકિત કરીએ, તેમ ધર્મને પણ સ્વચ્છ કરીને ચકચકતો કરવાનો છે.

⁂

## તમે એને મળ્યા છો?

આપણે ત્યાં 'લક્ષ્મી' એટલે 'પૈસો', એવું સમીકરણ રૂઢ થઈ ગયું છે. પણ 'લક્ષ્મી' એટલે સમૃદ્ધિ. નાના ઘરમાં રહેતા કેટલાય પરિવારોમાં સંસ્કારલક્ષ્મી જોવા મળે છે. બાળકો વિનયી હોય અને સહજીવનની સુગંધ હોય, ત્યાં ધન ઓછું હોય તોય લક્ષ્મી છે એમ કહેવાય. કોઈ દાણચોર ધનવાન હોઈ શકે, લક્ષ્મીવાન ન હોઈ શકે. હરામની કમાણીનો પૈસો પોતાના પરિવારમાં આવતો રોકવા માટે પતિ સાથે ઝઘડે, તે જ ખરી ગૃહલક્ષ્મી. ભારતનાં લાખો ઘરમાં વસનારી ઘરરખુ પત્નીને ખબર પણ નથી કે દેશ એના જેવી અસંખ્ય અજ્ઞાન ગૃહિણીઓને કારણે ટકી રહ્યો છે. તમે એ ગૃહિણીને મળ્યા છો?

⁂

## તું એ જ લાગનો છે!

1930માં [લંડનમાં બ્રિટિશ સરકારે બોલાવેલી] ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ જાહેર કરેલું કે અત્યંજ કોમનાં અલગ મતદારમંડળો બનાવી બાકીના હિંદુ સમાજથી તેમને અલગ પાડવામાં આવશે, તો તેનો વિરોધ તેઓ પ્રાણાર્પણથી કરશે. એ નોબત આખરે આવી પહોંચી. ગાંધીજીના ઉપવાસ શરૂ થયા. ઉપવાસને ત્રીજે દિવસે ડૉ. આંબેડકર ગાંધીજીને મળ્યા ત્યારે ખૂબ ઉગ્રતાથી બોલ્યા. ગાંધીજીએ જવાબ આપ્યો : 'મારે અસ્પૃશ્યોની સેવા કરવી છે, તેથી જ તમારી સામે મને જરાયે રોષ નથી. તમે કોઈ અપમાનજનક શબ્દ વાપરો છો ત્યારે મારા દિલને હું એમ જ કહું છું કે, તું એ જ લાગનો છે! તમે મારા પર થૂંકો તો પણ હું ગુસ્સો ન કરું. ઈશ્વરને સાક્ષી રાખીને હું આ કહું છું. એટલા જ માટે કે તમને જીવનમાં બહુ કડવા અનુભવ થયા છે તે હું જાણું છું.'

અસ્પૃશ્યો પ્રત્યે આવી લાગણી બતાવવા બદલ અને એમની વચ્ચે જઈને એમની સેવા કરવા બદલ ગાંધીજીએ કટ્ટર સનાતની હિંદુઓની કેટલી ગાળો ખાધી અને કેટલી વાર સનાતનીઓએ એમને મારવા લીધા, એ વાતનો ખ્યાલ આજના દલિત યુવાનોને આવવો મુશ્કેલ છે. આમ ગાંધીજીને આજકાલ બેવડો લાભ મળી રહ્યો છે! સવર્ણ હિંદુઓ હજી કહે છે : ડોસાએ આ કોમને બહુ ચડાવી મારી! દલિત વર્ગના બોલકણા આંબેડકરવાદીઓ કહે છે : ગાંધીજીએ અમને પછાત રાખ્યા!

⁂